सत्यमेव जयते

GJTP010009512024

રજીસ્ટર્ડ તારીખ : ૩૧/૧૨/૨૦૨૪..
ફેસલ તારીખ : ૩૦/૦૭/૨૦૨૬..
સમયગાળો : વર્ષ, માસ, દિવસ..

તાપી જિલ્લાના સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ મુકામ–વ્યારા.

ક્રિમીનલ અપીલ નં.૪૮/૨૦૨૪

આંક–

એપેલન્ટ :– **(૧)** **ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિ,**
(આરોપી)
ઉ.આ.વ.૬૮, ધંધો–ઘરકામ,
બન્ને રહે.વ્યારા કોટ,દક્ષિણ ફળીયુ,
તા.વ્યારા, જિ.તાપી.

વિરુધ્ધ

રીસ્પોન્ડન્ટ:– **ગુજરાત સરકારશ્રી.**

એપેલન્ટ તરફે વિ.વ.શ્રી એસ.એસ.ચૌહાણ
રીસ્પોન્ડન્ટસ તરફે એ.પી.પી.શ્રી આર.બી.ચૌહાણ

બાબત. :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૧૫ મુજબની અપીલ

// ચુકાદો //

(૧) હાલની અપીલ ફોજદારી કેસ નં.૧૪૪૪/૨૦૦૯, ના કામે વ્યારાના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ ચુકાદો

આપી આ કામના એપેલન્ટ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૭ અન્વયે સાત વર્ષની સાદી કેદની સજા તથા આરોપીને રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. તેમજ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૮ અન્વયે પાંચ વર્ષની સાદી કેદની સજા તથા આરોપીને રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. તેમજ આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૭૧ અન્વયે સાત વર્ષની સાદી કેદની સજા તથા આરોપીને રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ ફરાવતો જે હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઈ આ કામના એપેલન્ટે બી.એન.એસ.એસ. ની કલમ– ૪૧૫ અન્વયે હાલની ફોજદારી અપીલ કરેલ છે.

(૨) આ કામના એપેલન્ટ ફોજદારી કેસ નં.૧૪૪૪/૨૦૦૯ના કામે આરોપીઓ હતા. એપેલન્ટ સામેના કેસની ટુંકમાં હકીકત જોઈએ તો તે એ મુજબની છે કે, તા.૧૦/૦૧/૨૦૦૬ થી તા.૦૭/૧૦/૨૦૦૯ દરમ્યાન હરક્ષણે વખતે મોજે વ્યારા સબ પોસ્ટ ઓફિસ વ્યારા ખાતે પોતાના નામનુ કિશાન વિકાસ પત્ર નંબરનું સલ સટીફિકેટ સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. સુરત શાખા વ્યારા ખાતે ગીરો મુકી તેની કલર ઝેરોક્ષ બનાવી ખરા તરીકે વટાવવા સારુ તા.૭/૧ ૦/૨૦૦૯ ના રોજ સબ પોસ્ટ ઓફિસની નાણાં ઉપાડવાની કોશીશ કરી ગુનો કરેલ હોવાની ફરિયાદી ધ્વારા ફરિયાદ વ્યારા પોલીસ સ્ટેશન માં આરોપીઓ વિરુધ્ધ આપતા, વ્યારા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૦૭/૨૦૦૯, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૧૧ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ફોજદારી કેસના કામે રજુ થયેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલો

ધ્યાને લઈ નીચેની અદાલતે આરોપી ને ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૧૧ મુજબના ગુનાના કામે આરોપી નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૬૭, ૪૬૮,૪૭૧ મુજબના ગુનાઓ સબબ તકસીરવાન ઠરાવી કેદની સજા તથા દંડ ફરમાવતો હુકમ ફરમાવેલ. જે હુકમ થી નારાજ થઈ એપેલન્ટ ધ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે.

(3) હાલની ફોજદારી અપીલ એવા ગ્રાઉન્ડ ઉપર દાખલ કરવામાં આવેલ છે કે, (૧) વિ.ટ્રાયલ અદાલતનો હુકમ કાયદાનું તેમજ હકીકતનું ખોટું અર્થઘટન કરીને હુકમ કરેલ હોઈ, સદરહુ હુકમ રદબાતલ છે.

(૨) વિ.ટ્રાયલ અદાલતે રેકર્ડ ઉપરના પુરાવાનુ યોગ્ય અર્થઘટન કરેલ નથી. તેમજ સદરહુ ક્રિ.કે.નં.૧૪૪૪/૨૦૦૯ ના કામે વાસુદેવ પી કોરાણે કે જેઓ એજન્ટ હતા અને તેઓએ પોતાના હસ્તાક્ષરમાં બનાવટી કેવીપી ઉપર તથા તેને એનકેસ કરવા માટેના ફોર્મમાં વિગતો ભરેલ હતી. તેમને આ કામે આરોપી તરીકે જોડેલ નથી અને તેઓને સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ હતા.

(૩) વિ. ટ્રાયલ અદાલતે કિશાન વિકાસ પત્ર ઉપર કુલ બે નામો યાને આરોપી નં.૧ તથા તેમના પતિ પ્રવિણભાઈ બાલુભાઈ પ્રજાપતિ સંયુકત ખાતેદારો હતા. પ્રવિણભાઈ બાલુભાઈ પ્રજાપતિ'' ને આ ફરિયાદના કામે કોઈ સાહેદ-આરોપી બનાવ્યા નથી. કિશાન વિકાસ પત્ર ઉપર બે નામો જેમાં પ્રથમ નામ '' પ્રવિણચંદ્ર બાલુભાઈ પ્રજાપતિ'' અને બીજું નામ તહોમતદાર નં.૧ ચંદ્રીકાબેન પ્રવિણચંદ્રનું હતુ. તેમ છતાં કહેવાતુ કિશાન વિકાસ પત્ર ઉપર ફકત '' તહો.નં.૧ ની સહી'' સ્વીકારી કઈ રીતે ? તે ફરીયાદમાં તેમજ પુરાવા દરમ્યાન હકીકત ખુલતી નથી.

(૪) આંક–૨૪થી રજુ કિશાન વિકાસ પત્રની નાણા લેવાની તા.૭/૧૦/૨૦૦૮, આંક– ૨૨ થી પોસ્ટ માસ્તર વ્યારાએ ધ સુપ્રિ. ઓફ પી.ઓ.એસ.ને પત્ર તારીખ ૭/૧૦/૨૦૦૮, આંક–૨૩ થી પાસબુકમાં નાણા નોંધ કર્યા અને રદ કર્યાની તારીખ ૭/૧૦/૨૦૦૮ છે. તેમ છતાં એફ.આઈ.આર. તા.૨૩/૧/૨૦૦૯ ના રોજ કરવામાં આવે છે. તેમજ કે.વી.પી.ની રકમ રૂા.૬૦૩૯૮/– ઉપાડવા માટેની આંક–૨૯ થી ફોર્મ રજુ છે. જેમાં ''આરોપી નં.૧ ની સહી ખોટી હોઈ'' તે બાબતે પણ કોઈ ઘ્યાન આપેલ નથી. આંક–૨૯ માં સહી અને આંક–૨૪ માં નાણા ઉપાડવા કરેલ ''આરોપી નં.૧ ની સહી અલગ અલગ છે. તે પણ ઘ્યાને લીધેલ નથી.

(૫) ફરીયાદીને આરોપી નં.૧ ધ્વારા લેખિતમાં પ્રથમ થી જ જાણ કરેલી હતી કે કે.વી.પી.ગીરો મુકેલ છે. '' ફરીયાદી આંક–૨૧ તે વાત ખરી છેકે મને બેંક ધ્વારા જણાવા મળેલુ કે આરોપીઓએ કિશાન વિકાસ પત્ર ગીરો મુકેલ હતુ. તે વાત ખરી છે કે, ચંદ્રિકાબેને સદર કિશાન વિકાસ પત્ર ગીરો મુકવા બાબતની જાણ પહેલા પોસ્ટ ઓફીસમાં કરેલી ત્યારબાદ તે કિશાન વિકાસ પત્ર બેંકમાં ગીરો મૂકેલુ. તે વાત ખરી છે કે, કિશાન વિકાસ પત્ર ગીરો મુકયા બાબતની પોસ્ટ ખાતાને પહેલેથી માહિતી હતી. તે વાત ખરી છે કે કિસાન વિકાસ પત્ર ઝેરોક્ષની પાછળ વી.વી. કોરાણે (આરોપી નં.ર) ના હસ્તાક્ષરમાં વિગતો લખવામાં આવી હતી.'' જેથી સ્પષ્ટ થાય છે કે આરોપી નં.૧ નિર્દોષ છે.

(૬)આ કામે આંક–૩૫ થી અમરસિંહભાઈ, આંક–૩૬થી પરેશભાઈ, આંક–૪૮ દિપ્લીબેન જેઓને કહેવાતી ફરીયાદ ફરીયાદી પોસ્ટ માસ્તર મારફતે થયાનું જણાવેલ છે આંક–૪૪ અરૂણબેન ફરીયાદીની

હકીકતને સમર્થનજ કરેલ નથી. આંક–૪૫ ના પંચ ઈશ્વરભાઈ તથા આંક–૪૭ ના પંચ સાહેદ રમણભાઈ ભારતી ફરીયાદીને સમર્થન કરતા નથી.

(૭) આંક– ૩૯ થી સાહે પન્નાબેન ''મહેન્દ્રભાઈએ એવુ કીધેલ કે મારું કામકાજ વધારે હોય સર્ટીફીકેટની ખરાઈ કરવા પાછી મોકલી આપશો એટલે અમોએ સર્ટીફીકેટના જ પૈસા રૂા.૬૦,૩૯૮/– મળતા હોય તે સેવિંગ્સ ખાતામા કરેલા.'' એટલે કે પ્રથમ ખરાઈ કરવાની હોવા છતાં સદરહુ સાહેદ કોઈ ખરા કર્યા વિના ખાતામાં પૈસા જમા કર્યાનું જણાવે છે. જયારે ફરિયાદીએ નાણા લેવાની કોશિશ કર્યાનું જણાવે છે. તેમજ પરેશભાઈ આંક– ૩૬ થી સદરહુ હકીકતોને સમર્થન કરતા નથી.

(૮) આરોપી નં.૨ જેઓ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવેલી તેમજ એજન્ટ તરીકે ફરજ બજાવતા હોવાનું રેકર્ડ ઉપર ફરીયાદીના સાહેદો એ જણાવેલ છે એટલે કે આરોપી નં.૨ પોસ્ટ ખાતામાં નાણા જમા–ઉપાડ કઈ રીતે થાય છે? તેની સંપુર્ણ માહતી હતી. તેમ છતાં એક આંક –૨૯ નાણા ઉપાડવાનું ફોર્મ તથા આંક–૨૪ કે.વી.પી. ઉપર ફકત સંયુકત ખાતેદારનામાંથી ફકત આરોપી નં.૧ની સહીથી શા માટે નાણા ઉપાડવાનો કહેવાતો પ્રયત્ન થયો.? તે જણાઈ આવતુ નથી.

(૯) આંક– ૨૪ કે.વી.પી. રજુ કરનાર અને એજન્ટ આરોપી નં.૨ હતા આરોપી નં.૨ જેઓ પોસ્ટ ખાતામાં નોકરી કર્યા અને એજન્ટ તરીકે કામ કર્યાનુ રેકર્ડ ઉપર આવેલ છે તો કલર ઝેરોક્ષ કે.વી.પી. રજુ થઈ કઈ રીતે, તે પણ શંકા ઉભી કરે છે. આંક–૨૪ કે.વી.પી. ઉપર આરોપી નં. ૧ ની સહી તેમજ ફોર્મ આંક–૨૯ ઉપર સહી ''ફકત આરોપી નં.૧ ની સહી છે તેવો કોઈ એફ.એસ.એલી. રીપોર્ટ કઢાવેલ નથી.'' તેમજ

ફરીયાદી અને સાહેદોએ એવુ જણાવેલ નથી કે કોઈની રૂબરૂ આરોપી નં .૧ નાએ આંક–૨૪ અને આંક–૨૯ માં સહી કરેલ છે. ઉપરોકત સમગ્ર હકીકતો ધ્યાને લઈ વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ હુકમ ગેરકાયદેસરનો હોય, તે રદ થવાને પાત્ર હોય, હાલની અપીલ મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) રીસ્પોન્ડન્ટ શ્રી સરકાર તરફે એ.પી.પી.શ્રી આર.બી.ચૌહાણે પોતાની દલીલોમાં રજૂઆત કરેલ છે કે, નીચેની અદાલતે તેઓ સમક્ષ રજુ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવામાં કોઈ જ ભૂલ કરેલ નથી તેમજ આ કામે ફરિયાદ પક્ષે નીચેની અદાલત સમક્ષ જે પુરાવાઓ રજૂ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તેઓ જણાવે છે કે, તપાસવામાં આવેલ તમામ સાહેદોએ ફરિયાદ હકીકત સંપુર્ણ સમર્થનકારણ પુરાવો આપેલ છે. તે જોતા, આ કામે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો શંકારહિત રીતે પૂરવાર કરતા નીચેની અદાલતે આરોપીને સજા ફરમાવતો જે હુકમ ફરમાવેલ છે તે હુકમ યથાયોગ્ય, ન્યાયી અને કાયદેસરનો છે, જેથી તેમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવો જરૂરી બની રહેતો નથી. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અપીલ નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) વિ. ટ્રાયલ અદાલતમાં પક્ષકારો ધ્વારા તેઓનો કેસ સાબીત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવો

(અ) મૌખીક પુરાવા :–

ક્રમ	સાહેદની વિગત	વિગત	આંક
૧.	ભાઈલાલ મગનલાલ ગંડવાલની જુબાની	ફરીયાદી	૨૧

૨.	અમરસિંહભાઈ ધુરીયાભાઈ ચૌધરીની જુબાની	સાહેદ	૩૫
૩.	પરેશભાઈ મનુભાઈ ચૌધરીની જુબાની	સાહેદ	૩૬
૪.	પન્નાબેન દયાળજીભાઈ ચૌધરીની જુબાની	સાહેદ	૩૯
૫.	વાસુદેવ વિઠલભાઈરાવ કૌરાનો મરણ નો દાખલો	સાહેદ	૪૨
૬.	અરૂણ ભાઈ વિઠલભાઈ કૌરાને જુબાની	સાહેદ	૪૪
૭.	ઈશ્વરભાઈ પોસલીયાભાઈ ગામીતની જુબાની	પંચ સાહેદ	૪૫
૮.	રમણ ભાઈ દેવજીભાઈ ભારતીની જુબાની	પંચ સાહેદ	૪૭
૯.	દિપ્તીબેન પજ્ઞેશભાઈ ચૌધરીની જુબાની	સાહેદ	૪૮
૧૦.	નાનુભાઈ નારણ ભાઈ પટેલની જુબાની	સાહેદ	૫૦
૧૧.	મહેન્દ્રભાઈ નટવરભાઈ ચૌધરીની જુબાની	સાહેદ	૫૩
૧૨.	રજનીકાંતભાઈ પુરસોત્તમભાઈ પટેલની જુબાની	સાહેદ	૬૦
૧૩.	રાજુભાઈ ગાંડાભાઈ દેસાઈની જુબાની	ત.ક.અમલદાર	૬૩

(બ) દસ્તાવેજી પુરાવા :-

ક્રમ	વિગત	આંક
૧.	વ્યારા પોસ્ટ દ્વારા લખેલ પત્રો	૨૨
૨.	આરોપીની પાસબુક	૨૩
૩.	કિશાન વિકાસ પત્ર કલર ઝેરોક્ષ સર્ટીફીકેટ	૨૪
૪.	પોસ્ટ ઓફીસ વ્યારાને લખેલ પત્ર	૨૫
૫.	સર્ટીફીકેટ	૨૬
૬.	ઓથોરીટી લેટર	૨૭
૭.	ઓથોરીટી લેટર	૨૮
૮.	ઓફીસ કાઉન્ટર કોપી	૨૯

૯.	પોલીસ ફરિયાદનો હુકમ	૩૦
૧૦.	અસલ ફરિયાદ તા.૨૩/૧/૨૦૦૯	૩૧
૧૧.	સ્ટેટમેન્ટ	૩૨
૧૨.	સ્ટેટમેન્ટ	૩૩
૧૩.	સ્ટેટમેન્ટ	૩૪
૧૪.	પંચનામુ તા.૪/૨/૨૦૦૯	૪૬
૧૫.	સુપ્રિટેન્ડને જાણ કરતો પત્ર	૫૧
૧૬.	બેંક લખેલ અસલ કેવીપી જમા લેવા પત્ર તા.૧ ૬/૪/૨૦૦૯	૬૧
૧૭.	અસલ કિશાન વિકાસ પત્ર	૬૨
૧૮.	અસલ રવાનગી પત્ર એફ.એસ.એલ. તા.૨૧ /૪/૨૦૦૯	૬૪
૧૯.	એફ.એસ.એલ.રીપોર્ટ	૬૫

(૬) આ કામે ફોજદારી કેસ નંબર.૧૪૪૪/૨૦૦૯ ના કામનું અસલ રેકર્ડ વંચાણે લીધું.

(૭) ઉપરોકત હકીકતે હાલના અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું એપેલન્ટ પુરવાર કરે છે કે, પડકારવામાં આવેલ ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર, કાયદાનાં સ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો, ખોટો અને ભુલ ભરેલો હોઈ, રદ કરવો અથવા તો તેમાં ફેરફાર કરવો જરૂરી છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

–:: <u>કા ર ણો</u> ::–

<u>મુદ્દા નંબર.૧ :–</u>

(૯) અપીલ મેમો ધ્યાને લીધો. તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ વ્યારાના ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ કેસ નંબર.૧૪૪૪/૨૦૦૯ના કામે આપેલ ચુકાદો વંચાણે લીધો તેમજ રેકર્ડ અને પ્રોસીડીંગ ધ્યાને લીધા. એપેલન્ટ તથા રીસ્પોન્ડન્ટ તરફે રજુ દલીલો ધ્યાને લીધી.

(૧૦) હાલના કામે મુખ્યત્વે તે જોવાનું રહે કે શું ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓ સામે ઈ.પી. કોડની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૧૧ મુજબનુ તહોમત ફરમાવવામાં આવેલ. ફરીયાદપક્ષ ધ્વારા વિ.ટ્રાયલ કોર્ટમાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. આગળ ઉપર ચર્ચા કર્યા મુજબનાં વિ.નીચેની અદાલતનો તકરારી હુકમ કે જે સજા સબંધેનો છે તેથી, આવા હુકમની યથાર્થતા, યોગ્યતા અને ન્યાયીકતા તપાસતા સમયે નામદાર સર્વોચ્ચ અદાલતનાં 2012 SCC, Page No.312-Iqbal Abdul Samiya Malek V/s. State of Gujarat નાં ચુકાદાને ધ્યાને લેવો જરૂરી બને છે. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે ::–

> ''an Appellate Court has to follow Sec.386 of Cr.P.C. It is the duty of an Appellate Court to look into the evidence adduced in the case arrived at an independent conclusion as to whether the said evidence can be relied upon or not and even it can be relied upon then whether the prosecution can be said to have proved beyond reasonable doubt on the said evidence. The Credibility of a witness has to be

adjudged by Appellate Court in drawing inference from proved and admitted facts. Further appeal can not be disposed of without examining the records/ merits."

આમ, અત્રેની અદાલતે હાલની અપીલનાં ન્યાયીક નિર્ણય માટે વિ.નીચેની અદાલત સમક્ષ ફરીયાદ પક્ષે રજુ કરેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું રીએપ્રિસીએશન યાને કે પુન: મૂલ્યાંકન કરવાનું રહે છે અને એપેલન્ટ કોર્ટ તરીકે પોતાનીરીતે વિ.નીચેની અદાલત સમક્ષ રજુ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લઈ નિર્ણય કરવાનો રહે છે.

આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, મુજબના ગુના કામે આરોપીઓને દોષિત ઠરાવવામાં આવેલ છે ત્યારે આ તમામ ગુનાઓના આવશ્યક તત્વો તપાસતા તે નીચે મુજબ છે.

ઈ.પી.કો કલમ– ૪૬૭ કીંમતી જામીનગીરી, વીલ વગેરેની ખોટી બનાવટના

ગુનાના આવશ્યક તત્વો.

૧. જે દસ્તાવેજ પ્રશ્નમાં છે તે બનાવટી છે.

૨. તે આરોપીએ બનાવટથી કરેલ છે.

૩. દસ્તાવેજ કલમમાં જણાવ્યા મુજબનો એક છે.

ઈ.પી.કો કલમ– ૪૬૮ ઠગાઈ માટે કૂટલેખનના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો.

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલ હતો.

૩. બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

ઈ.પી.કો કલમ– ૪૭૧ બનાવટી દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવાના ગુનાના આવશ્યક તત્વો.

૧. દસ્તાવેજ કૂટલેખન છે તે વાપરનાર વ્યકિત જાણતી હોય કે તેને તેમ માનવાને કારણ હોય.

૨. અને તેનો ઉપયોગ દગલબાજીથી કે અપ્રમાણિકપણે કરે.

(૧૧) આ કામે વિ. ટ્રાયલ અદાલતે આરોપીને કલર ઝેરોક્ષ સ્વરૂપનુ કિશાન વિકાસ પત્રનુ કુટલેખન કરી તે અસલ કિશાન વિકાસ પત્ર સુરત ડીસ્ટ્રીકટ કો ઓ.બેંકની વ્યારા શાખામાં તારણ તરીકે મુકી લોન લીધેલ હોવાનુ જાણતા હોવા છતાં કુટલેખન કરેલ કિશાન વિકાસ પત્ર વ્યારા પોસ્ટ ઓફીસ ખાતે પાકતી મુદત પહેલા રજુ કરી તેના નાણાં મેળવી લેવાના પ્રયત્નના ગુનામાં દોષિત ઠરાવેલ છે ત્યારે કુટલેખન કરેલ દસ્તાવેજ કયારે પુરવાર થયેલો માની શકાય અને તેના ઉપરની સહી પુરવાર કરવા માટે કયા સ્વરૂપના પુરાવાઓ જરૂરી છે. તેમજ આવો ગુનો પુરવાર કરવા માટે કયા સ્વરૂપના પુરાવાઓ જરૂરી છે તે બાબતે માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરતો નામ.સર્વોચ્ચ અદાલતનો ચુકાદો અને તેના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

2025 (0) AIJEL–SC 75871 SUPREME COURT OF INDIA Hon'ble Judges: Aravind Kumar, Sandeep Mehta **Vandana Versus State Of Maharashtra** Criminal Appeal No. 3977 Of 2025 **;**

8. In the instant case, the mark-sheet and the revaluation

notification went through a chain of custody. Firstly, from appellant to admission clerk and after the admission clerk had verified and received the alleged documents then the custody was routed to the principal of the college. The prosecution had failed to prove, by any reliable evidence, that the alleged tampering was effected by Appellant herself or while the documents were in the exclusive custody and control of the appellant this tampering had occurred. On the contrary, the material evidence would disclose that the documents passed through institutional hands for scrutiny, endorsement and forwarding and at certain points of time it was not in the custody of appellant at all. In such circumstances, the passing of the alleged document through the hands of several person before it was detected as forged renders unsafe to arrive at a conclusion that appellant had authored the tampering or possessed the contemporaneous knowledge of such tampering. It is apt to mention that it is well-established principle of law that suspicion, howsoever grave, cannot replace the standard of legal proof.

9. Secondly, the court below have rested essentially on visual inference of overwriting to hold tampering stood established. No handwriting or forensic expert opinion was obtained regarding the authorship of alleged tampering. This court in **Fakhruddin v. State of Madhya Pradesh, (1966) SCC OnLine SC 55** has observed:

> 10. Evidence of the identity of hand writing receives treatment in three sections of the Indian Evidence Act. They are Sections 45, 47 and 73. Handwriting may be proved on admission of the writer, by the evidence of some witness in whose presence he wrote. This is direct evidence and if it is available the

evidence of any other kind is rendered unnecessary. The Evidence Act also makes relevant the opinion of a hand writing expert (S.45) or of one who is familiar with the writing of a person who is said to have written a particular writing. Thus, besides direct evidence which is of course the best method of proof, the law makes relevant two other modes. A writing may be proved to be in the handwriting of a particular individual by the evidence of a person familiar with the handwriting of that individual or by the testimony of an expert competent to the comparison of handwritings on a scientific basis. A third method (S. 73) is comparison by the Court with a writing made in the presence of the Court or admitted or proved to be the writing of the person.

11.Both under S. 45 and S. 47 the evidence is an opinion, in the former by a scientific comparison and in the latter on the basis of familiarity resulting from frequent observations and experience, In either case the Court must satisfy itself by such means as are open that the opinion may be acted upon. One such means open to the Court is to apply its own observation to the admitted or proved writings and to compare them with the disputed one, not to becorof v an handwriting expert but to verify the premises of the expert in the one case and to appraise the value of the opinion in the other case. This comparison depends on an analysis of the characteristics in the admitted or proved writings and the finding of the same characteristics in large measure in the disputed writing. In this way the

opinion of the deponent whether expert or other is subjected to scrutiny and although relevant to start with becomes probative. Where an expert's opinion is given, the Court must see for itself and with the assistance of the expert come to its own conclusion whether it can safely be held that the two writings are by the same person. This is not to say that the Court must play the role of an expert but to say that the Court may accept the fact proved only when it has satisfied itself on its own observation that it is safe to accept the, opinion whether of the expert or other witness.

10. While expert opinion is not mandatory, nevertheless when authorship is central to establish the guilt of the accused and by direct evidence it is not demonstrated to show that the alleged writing has been made in the presence of a witness, non-examination of an expert or any other cogent proof of authorship to corroborate the alleged forgery beyond reasonable doubt weighs heavily against the prosecution. Therefore, the courts below treated apparent overwriting as conclusive which approach is alien to the standard proof beyond reasonable doubt.

13. Hence, in the light of aforesaid discussion, we find the conviction to be unsustainable. We say so because after meticulously examining aforesaid provisions and the judgements of the court below it is clearly discernible that all the courts while appreciating the evidence on record have confined themselves to the issue of establishing the alleged tampering. However, the prosecution has not discharged its burden on authorship of the alleged forgery.

14. The settled principles are well known:

(i) That the benefit of doubt follows when two views are reasonably possible;

(ii) That the Suspicion however grave cannot substitute standard of legal proof; and

(iii) That the exclusive control of the alleged forged document must be proved when there is lack of direct evidence to connect the alleged forgery to the accused especially in a case where the alleged document has passed through the hands of several persons before forgery is detected. If the same is not proved, at best, the evidence on record may arouse suspicion but they do not establish beyond reasonable doubt that the accused had forged, or knowingly used, or attempted to cheat by use of such forged documents.

15. Therefore, in the light of aforesaid discussion, the appeal deserves to be allowed and accordingly, it stands **Allowed** and the conviction of the appellant under the Impugned order dated 08.05.2025 in Criminal Revision Application No. 78 of 2019 under Section 420 read with Section 511 IPC Sections 468 and 471 IPC together with the sentences imposed, are hereby **set aside.**

(૧૨) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લઈ હાલ ના કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાકંન કરવામાં આવે તો,આ કામના આરોપી ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિનાઓએ તા.૧૦/૦૧/૨૦૦૬ થી તા.૦૭/૧૦/૨૦૦૯ દરમ્યાન હરક્ષણે વખતે મોજે વ્યારા સબ પોસ્ટ ઓફિસ

વ્યારા ખાતે પોતાના નામનુ કિશાન વિકાસ પત્ર નંબરનું અસલ સટીફિકેટ સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી.સુરત શાખા વ્યારા ખાતે ગીરો મુકી તેની કલર ઝેરોક્ષ બનાવી ખરા તરીકે વટાવવા સારુ તા.૭/૧૦/૨૦૦૯ ના રોજ સબ પોસ્ટ ઓફિસની નાણાં ઉપાડવાની કોશીશ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ કામે ટ્રાયલ કોર્ટ ધ્વારા તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આંક–૨૧ થી ફરીયાદી **ભાઈલાલ મગનલાલ ગંડવાલ** ની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. તેમાં સરતપાસ દરમ્યાન તેઓ એ એવી હકીકત જણાવેલ છેકે,

અમે ૨૦૦૯ માં આસી. સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે બારડોલી ડીવીઝનમાં ફરજ બજાવતો હતો. તે વખતે બારડોલી, વ્યારા તાલુકાની અને બારડોલી ડીવીઝનમાં જે તે પોસ્ટ ઓફિસોની દેખરેખ રાખવાની તથા મને જે કંઈ તપાસ સોંપવામાં આવે તે તપાસનો રીપોર્ટ રજુ કરવાનો હોય છે. મારી ફરજ દરમ્યાન તા.૭/૧૦/૨૦૦૮ ના સબ પોસ્ટ માસ્તર, **વ્યારાના પત્ર નં.૩૦૨ થી જાણ કરવામાં આવેલી કે કાઉન્ટર પર ડુપ્લીકેટ કલર ઝેરોક્ષ કિસાન વિકાસ પત્ર રૂા.૫૦,૦૦૦/– નું મુદત પહેલા વટાવી લેવાની કોશિષ થઈ છે.** આ પત્ર અમારી ઓફિસમાં તા.૮/૧૦/૨૦૦૮ ના રોજ આવેલ અને **મને મારા સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબે તપાસ સોપવામાં આવેલી**. જે પત્ર મને બતાવવામાં આવે છે. તેમાં પોસ્ટ માસ્તર વ્યારાની સહી છે. જે હું ઓળખી બતાવુ છુ. જે પત્ર રજુ કરતા દાખલ આંક–૨૨. તે પત્રની પાસબુક આવેલી જે પાસબુક મને બતાવવામાં આવે છે. તે તેજ છે. જે પાસબુકમાં પ્રવિણભાઈ બાલુભાઈ પ્રજાપતિ અને ચંદ્રિકાબેન પ્રવિણભાઈ તેવુ નામ દર્શાવેલ છે જેનો **ખાતા નંબર ૩૪૧૩૬૬૮ નો**

છે. જે પાસબુક રજૂ કરતાં દાખલ આંક–૨૩. તેની સાથે રૂા. ૫૦,૦૦૦/– નું સર્ટીફીકેટ આવેલું જે સર્ટીફીકેટ આવેલું જે સર્ટીફીકેટ આ પત્ર સાથે આવેલું જે રૂા.પચાસ હજારનું છે. જેનો નંબર ૦૩જીજી૦૭૩૩૮૪ છે તે તા.૦૯/૦૯/૨૦૦૫ ની છે. જે સર્ટીફીકેટ પર પ્રવિણભાઈ બી પ્રજાપતિ અને ચંદ્રિકાબેન પી પ્રજાપતિ દર્શાવેલ છે. જે સર્ટીફીકેટને રજૂ કરતા દાખલ આંક–૨૪. તેની સાથે સુરત ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકનો લિમિટેડનો તા.૭/૧૦/૨૦૦૮ નો પત્ર રજૂ થયેલો. જે પત્રની નીચે વ્યારા બ્રાંચ મેનેજરની સહી છે. જે પત્ર પ્લેજ બાબતનો હતો. જે મને બતાવવામાં આવે છે તે તેજ છે. જે રજૂ કરતાં દાખલ આંક–૨૫. તથા તા.૯/૯/૨૦૦૫ ના રોજ પચાસ હજારનું સર્ટીફીકેટ જેમને ખરીદેલુ તેનુ ફોર્મ છે. જેનો રજીસ્ટ્રેશન નંબર **૨૮૧૩૪** છે. જેની નીચે પોસ્ટ માસ્તર વ્યારાની સહી છે અને તેમાં પાછળના ભાગે તેમની સર્ટીફીકેટ ઈસ્યુ કર્યાની નોંધ છે. આ સર્ટીફીકેટ ચંદ્રિકાબેનને અને પ્રવિણચંદ્રને ઈસ્યુ કરવામાં આવેલા છે. જેની નીચે પોસ્ટ માસ્તરની સહી છે. જે અરજી ફોર્મ રજુ કરતાં દાખલ આંક–૨૬. તા.૧૦/૦૧/૨૦૦૬ ના રોજ સુરત ડીસ્ટ્રીકટ બેંક વ્યારા શાખામાં થી લોન મેળવવા પ્લેજ મુકવા માટે ચંદ્રિકાબેને એક અરજી આપેલી અને તેની સાથે બેંક ઓથોરીટીનો લેટર અને અરજી બતાવવામાં આવે છે. આ ઓથોરીટી લેટરમાં બ્રાંચ મેનેજરની સહી છે તે અરજીમાં ચંદ્રિકાબેન અને પ્રવિણચંદ્ર બન્નેની સહી છે તે આ કામે રજુ કરતા દાખલ આંક–૨૭ તથા ઓથોરીટી લેટર આ કામે રજૂકરતા દાખલ આંક –૨૮. મૂળ ઓરીજનલ કિસાન વિકાસ પત્ર સુરત ડીસ્ટ્રીકટ બેંઘ વ્યારા શાખાને ગીરો મુકેલો હોવા છતાં તા.૦૭/૧૦/૨૦૦૮ના રોજ ચંદ્રિકાબેને સદર વિકાસ પત્રની કલર ઝેરોક્ષ નકલ કે જેની પાછળ

મને નાણા લેનાર તરીકે સહી કરેલ છે અને મળવાપાત્ર રકમ રૂા.૬૦,૩૯૮/– શબ્દોમાં અને આંકડામાં નાની બચતના એજન્ટ શ્રી વાસુદેવભાઈ કોરાણે ધ્વારા લખેલ છે. આ કિસાન પત્રની રકમ ચંદ્રિકાબેનના વ્યારા પોસ્ટ ઓફિસમાં ચાલતા બચત બેંક ખાતા નંબર ૩૪૧૩૬૬૮ માં જમા કરવાની હતી અને તેથી તેમને એક ભરણા કાપલી ઉપર સહી કરી હતી અને તેની મળવાપાત્ર રકમની વિગત વાસુદેવભાઈ કોરાણે પાસે લખાવી વ્યારા પોસ્ટ ઓફિસના કાઉન્ટર પર રજૂ કરી હતી. જે ભરણા સ્લીપ મને બતાવવામાં આવે છે જે રજુ કરતા દાખલ આંક–૨૯. સદર સર્ટીફીકેટની મળવાપાત્ર રકમ પોસ્ટલ કાઉન્ટર કલાર્ક ધ્વારા તેમના ખાતામાં જમા પણ કરાવામાં આવી હતી. ત્યારબાદ આ સર્ટીફીકેટ કલર ઝેરોક્ષ માલૂમ પડતાં અને મૂળ કિસાનપત્ર ખરીદવાની અરજી ઉપર પણ આ સર્ટીફીકેટ સુરત ડીસ્ટ્રીકટ બેંક, વ્યારાને ગીરો મુકેલાનું નોંધ જણાય આવતા વ્યારા સબ પોસ્ટ માસ્તર ધ્વારા આ વ્યવહાર રદ કરવામાં આવેલ હતો અને પાસબુકમાં પણ વ્યવહારની નોંધ રદ કરેલ હતી. આમ, આ સર્ટીફીકેટના નાણાં ગીરો મૂકેલ હોવા છતાં ઉપાડવાનો પ્રયાસ કરેલ છે. બનાવની મેં ટાઈપ કરેલી ફરીયાદ આપેલી. અમોએ તા.૨૨/૧૨/૨૦૦૮ના રોજ સુપ્રિટેન્ડેન્ટ, બારડોલીનાઓએ હુકમ કરેલ કે ચંદ્રિકાબેન અને વી.વી. કોરાણે સામે પોલીસ ફરીયાદ કરવાનો હુકમ કરેલો જે હુકમ મને બતાવવામાં આવે છે તે જ છે. તેમાં નીચે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, બારડોલીનાની સહી છે. જે હુકમ આ કામે રજૂ કરતા દાખલ આંક–૩૦. ત્યારબાદ હુકમ આધારે અમોએ ફરીયાદ આપેલી. આજરોજ મને એક ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હુ ઓળખી બતાવુ છુ.જે ફરીયાદ આ કામે રજુ કરતા દાખલ આંક–૩૧.

અમોએ વી.વી.કોરાણેનું સ્ટેટમેન્ટ લીધેલું જે સ્ટેટમેન્ટ મને બતાવવા માં આવે છે. જેમાં નીચે તેની અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે રજુ કરતાં દાખલ આંક–૩૨. અને ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિનું સ્ટેટમેન્ટ લીધેલુ. જે સ્ટેટમેન્ટ મને બતાવવામાં આવે છે. જેમાં નીચે તેની અને રૂબરૂ તરીકે મારી સહી છે જે રજુ કરતા દાખલ આંક –૩૩. તથા મહેન્દ્રભાઈ અને ચૌધરી, વ્યારા પોસ્ટ ઓફિસમાં સર્ટીફીકેટના કારકુન તરીકે હતા તેમનુ સ્ટેટમેન્ટ પણ લીધેલુ. જે સ્ટેટમેન્ટ મને બતાવવામાં આવે છે. જેમાં નીચે તેની અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે રજુ કરતા દાખલ આંક–૩૪. જે ચંદ્રિકાબેનને હું ઓળખુ છુ. જે આજ રોજ કોર્ટમાં હાજર છે અને તે તેજ છે.

(૧૨.૧) સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, મેં પોસ્ટ ખાતામાં તા.૨૧/૩/૧૯૮૧ થી મારી ફરજ શરૂ કરેલી છે. હું નોકરીમાં દાખલ થયો ત્યારે કલાર્કના હોદ્દા પર હતો. તા.૧૦/૫/૨૦૦૭ થી આસી. સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવુ છુ. મને આ બનાવની જાણ તા.૭/૧૦/૨૦૦૮ ના પત્રથી કરવામાં આવેલી. મને આ બનાવની જાણ થઈ અને ત્યારબાદ મે ફરીયાદ આપી તેની વચ્ચે ચારેક માસનો સમયગાળો થયો હશે. તે વાત ખરી નથી કે, મને હુકમ મળી જવા છતાં મોડી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે, તે સિવાય બીજી કોઈ વ્યકિત એ આ કે.વી.પી.ની નકલ રજુ કરેલ નથી. તે વાત ખરી છે કે, કિસાન વિકાસ પત્ર નાની બચત યોજના અન્વયેની સ્કીમ છે અને તેમાં નાણાં રોકનારને મળવાપાત્ર રકમ પાકતી મુદતે આપવામાં આવે છે. તે વાત ખરી છે કે, આ કિસાન વિકાસ પત્ર સને ૨૦૧૪ માં પાકતા હતા. તે વાત ખરી નથી કે વી.વી. કોરાણે પોસ્ટ ખાતાના એજન્ટ છે. સાહેદ સ્વૈચ્છા

એ જણાવે છે કે, આવી નાની બચતની એજન્સી કલેકટરશ્રી દ્વારા આપવામાં આવે છે. તે વાત ખરી છે કે, નાની બચતના એજન્ટો લોકો પાસેથી નાણાં ઉઘરાવીને પોસ્ટ ખાતામાં નાણાં જમા કરાવતા હોય છે. **તે વાત ખરી છે કે, આ કિસાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ કોણે કરાવેલી તે હુ ન કહી શકુ.** તે વાત ખરી નથી કે, મને આવા નિવેદનો લેવાનો અધિકાર નથી. તે વાત ખરી નથી કે મેં હાલની ફરીયાદ મને મળેલા પત્રના આધારે કરેલી છે. તે વાત ખરી નથી કે આ પત્ર મળ્યા બાદ અમે અમારા સ્ટાફના બધાયે મીટીગ કરીને નકકી કરેલું કે ફરીયાદ કેવી રીતે આપવી. તે વાત ખરી છે કે, મને બેંક દ્વારા જાણવા મળેલુ કે આરોપી ઓએ કિશાન વિકાસ પત્ર ગીરો મુકેલ હતુ. **તે વાત ખરી છે કે,ચંદ્રિકાબેને સદર કિસાન વિકાસ પત્ર ગીરો મુકવા બાબતની જાણ પહેલા પોસ્ટ ઓફિસમાં કરેલી ત્યારબાદ તે કિસાન વિકાસ પત્ર બેંકમાં ગીરો મુકેલુ. તે વાત ખરી છે કે, આથી કિસાન વિકાસ પત્ર ગીરો મુકયા બાબતની પોસ્ટ ખાતાને પહેલે થી માહિતી હતી. તે વાત ખરી છે કે, કિસાન વિકાસ પત્ર ઝેરોક્ષની પાછળ વી.વી.કોરાણેના હસ્તાક્ષરમાં વિગતો લખવામાં આવી હતી.** તે વાત ખરી નથી કે, પોલીસે મારો કોઈ વધુ જવાબ લીધો નથી. તે વાત ખરી નથી કે ફરીયાદ આપી બારડોલી જતા રહયા હતા વ્યારા પોલીસે સ્ટેશને પરત આવેલ નથી. તે વાત ખરી નથી કે મેં આ કામે રજુ રાખેલા તમામ દસ્તાવેજો ફકત વ્યારા પોસ્ટ ઓફીસના જ છે. તે વાત ખરી છે કે, આંક–૨૬ નું અરજી ફોર્મ વ્યારા પોસ્ટ ઓફિસનું છે. તે વાત ખરી નથી કે મેં વી.વી.કોરાણે સિવાય બીજા કોઈના નિવેદનો લીધા નથી. તે વાત ખરી નથી કે મે આ કામની ફરીયાદ વી.વી.કોરાણે સામે કરેલી છે. તે વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા

છતાં હું સોગંદ પર ખોટી ફરીયાદ આપુ છુ.

(૧૨.૨) સદર ફરીયાદી સાહેદ ના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદી સાહેદ ભાઈલાલભાઈ મગનભાઈ નાઓને સબ પોસ્ટ માસ્ટર વ્યારાનાઓના પત્ર નં.૩૦૨ થી બનાવ અંગેની જાણ થયેલી અને તે સંબંધે ફરીયાદીના સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબે તેમને તપાસ સોપેલ હતી અને તેના આધારે તપાસ કરી આ કામની ફરીયાદ દાખલ કરેલ હતી તેવુ સ્પષ્ટ બેન છે.આમ,ફરીયાદી પોતે બનાવ સંબંધે કોઈ અંગત જ્ઞાન ધરાવતા નથી પરંતુ તેઓએ પોતાની તપાસના અંતે દસ્તાવેજી પુરાવા આધારીત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ હતી તેવુ સ્પષ્ટ બને છે.

ફરીયાદીએ પોતાની સરતપાસ દરમ્યાન તેઓને જે આંક–૨૨ વાળા પત્ર અનુસંધાને વ્યારા પોસ્ટ માસ્ટર નાઓએ તપાસ સોપેલ તે પત્ર રજુ કરેલ છે અને પત્ર સાથે મોકલાવેલ જે પાસબુક નો પુરાવો આ કામે આંક–૨૩ થી રજુ કરવામાં આવેલ છે. આ પાસબુકનો પુરાવો વંચાણે લેતા, જેનો ખાતા નં.૩૪૧૩૬૬૮ તે પાસબુક પણ આ કામે પુરાવામાં રજુ રાખેલ છે. પાસબુકના પુરાવાને વંચાણે લેતા, તે પ્રવિણભાઈ બાલુભાઈ પ્રજાપતિ અને ચંદ્રિકાબેન પ્રવિણભાઈ પ્રજાપતિના નામની છે. આ પાસબુક માં ૭/૧/૨૦૦૮ ના રોજ જમા નોંધ તરીકે ૬૦,૩૯૮/– અને બેલેન્સ અમાઉન્ટ તરીકે ૬૪૧૭૫/– ની નોંધ કરવામાં આવેલ છે અને તેને કેન્સલ કરવામાં આવે છે અને તેની નીચે પોસ્ટ માસ્ટર વ્યારાની સહી અને સીકકો છે.

ફરીયાદીએ આંક–૨૪ થી તેઓને રૂ.૫૦,૦૦૦/– ની સર્ટીફીકેટ જે તપાસ માટે મળેલુ તે રજુ કરેલ છે. આ પુરાવાને

વંચાણે લેતા, તે સર્ટીફીકેટનો નં.૦૩જીજી૩૭૩૩૮૪ તા.૯/૯/૨૫ અને કિં.રૂા.૫૦,૦૦૦/– હોવાનુ સ્પષ્ટ બને છે. આ સર્ટીફીકેટ પર તેના ધારક તરીકે પ્રવિણચંદ્ર બી. પ્રજાપતિ અને ચંદ્રિકા પી. પ્રજાપતિ હોવાનુ લખવામાં આવેલ છે. તેમજ આ સર્ટીફીકેટ જોઈન્ટ બી– પ્રકારનુ હોવાનું સ્પષ્ટ બને છે.

ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકની વ્યારા બ્રાંચના બ્રાંચ મેનેજરનાઓએ વ્યારા પોસ્ટ ઓફિસના મેનેજરને લખેલ પત્ર રજુ કરેલ છે. આ પત્રની વિગત મુજબ કિશાન વિકાસ પત્ર નં.૦૩જીજી૦૭ ૩૩૮૪, ૦૩જીજી ૦૭૩૩૮૩, ૦૩જીજી૦૭૩૩૮૨ ના ઉપર સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક માં પ્લેજ કરી લોન લીધેલાની જાણ કરવામાં આવેલ હતી.

(૧૨.૩) ફરીયાદીના ઉપરોકત પુરાવાનુ વધુ મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ કામે રજુ કરેલા કેટલાક દસ્તાવેજી આધારો જોતા, સાહેદે આંક–૨૬ થી રૂા.૫૦,૦૦૦/– ની કિંમતનુ કિશાન વિકાસ પત્ર ખરીદવા માટે જે ફોર્મ ભરવામાં આવેલ હતુ તે ફોર્મ રજુ કરેલ છે. આ ફોર્મના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેની પાછળના ભાગે સર્ટીફીકેટ ઈસ્યુ કર્યાની નોંધ કરવામાં આવેલ છે. જે મુજબ સર્ટીફીકેટ નં.૦૩જીજી૦૭૩૩૮૪ નુ હતુ અને તે રૂા. તેઓએ આ કામે રજુ કરેલા કેટલાક દસ્તાવેજી આધારો જોતા, સાહેદે આંક–૨૬ થી રૂા.૫૦,૦૦૦/– ની કિંમતનુ કિશાન ૫૦,૦૦૦/– ની કિંમતનું હતુ. આ સર્ટીફીકેટ મેળવવા માટેની અરજીમાં પ્રવિણચંદ્ર બી પ્રજાપતિ અને ચંદ્રિકા બી પ્રજાપતિનુ નામ જોઈન્ટ નામથી અરજી કરવામાં આવેલ હતી. અને આ સર્ટીફીકેટના પાછળના ભાગે બન્ને અરજી કર્તાઓએ પોતાની સહીઓ કરેલાનું જણાય છે.

ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન આંક –૨૭ થી કિશાન વિકાસ પત્ર નં.૦૩જીજી૦૭૩૩૮૪ કે જેનુ મુલ્ય રૂા.૫૦,૦૦૦/– નુ હતુ તેને આડમાં સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક ખાતે મુકવામાં આવેલ હતુ તે બાબતની પહોંચ રજુ કરેલ છે તેમાં બેંકના મેનેજરના સહી સીકકા છે તથા પ્રમાણ પત્ર તબદીલ કરનાર તરીકે પ્રવિણચંદ્ર બાબુભાઈ પ્રજાપતિ અને ચંદ્રિકાબેન પી. પ્રજાપતિની સહી છે. તેઓની ઓળખાણ આપનાર તરીકે ભારતી એસ. જરીવાલાની સહી છે.

ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન આંક–૨૮ થી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંકના મેનેજરનાઓએ વ્યારા પોસ્ટ ઓફીસના પોસ્ટ માસ્ટરને લખેલ પત્ર રજુ કરેલ છે. તે મુજબ બેંકના મેનેજરને નેશનલ સેવીગ સર્ટીફીકેટને સીકયુરીટી તરીકે લેવા અને ઈન્સ્ટ્રુમેન્ટ એકઝીકયુટ કરવા અથવા તો બેંક વતી ડીડ કરવા ઓથોરાઈઝડ કરવામાં આવેલ છે તેવી જાણ કરવામાં આવેલ છે.

ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની સરતપાસ દરમ્યાન આંક–૨૯ થી પોસ્ટ ઓફીસ સેવીગ્સ બેંકમાં નાણા જમા કરવા માટે વપરાતી સ્લીપ રજુ કરેલ છે. આ સ્લીપમાં તકરારી કિશાન વિકાસ પત્રનો રજી.નં.૨૮૧૩૪ લખવામાં આવેલ છે. તેમજ ખાતા નં.૩૪૧ ૩૬૬૮ તથા તા.૭/૧૦/૨૦૦૮ લખવામાં આવેલ છેતેમજ ચંદ્રિકા પી.આર પ્રજાપતિ લખવામાં આવેલ છે. તથા રકમ રૂા.૬૦૩૯૮/– નોંધવામાં આવેલ તથા ચંદ્રિકા પી. પ્રજાપતિની સહી વાંચી શકાય છે. તેમજ આ સ્લીપ લાલ પેનથી શેરો કરી કેન્સલ કરવામાં આવેલાનુ તથા તે કેન્સલ કર્યા બાબતે વ્યારા પોસ્ટ માસ્ટરનાઓએ પોતાની સહી સીકકો કર્યાનુ જણાય આવે છે.

ફરીયાદીએ આ કામે આંક–૩૦ થી આ કામના આરોપી ચંદ્રિકા બેન તથા વી.વી.કોરાણે સામે પોલીસ ફરીયાદ કરવા હુકમ કરેલ હતો. જે હુકમની ઓફીસ કોપી રજુ રાખેલ છે. અને તેના આધારે હાલના ફરીયાદીએ વ્યારા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર શ્રીને સંબોધીને આપેલ લેખિત ફરીયાદની કોપી આંક–૩૧ થી રજુ રાખેલ છે. તેમજ ફરીયાદીએ વી.વી.કોરાણે તથા આરોપી ચંદ્રિકાબેન તથા પોસ્ટ ઓફીસમાં સર્ટીફીકેટ કારકુન તરીકે નોકરી કરતા મહેન્દ્રભાઈ એન.ચૌધરીનાઓના નિવેદનો લીધેલ જે અનુક્રમે આંક –૩૨, ૩૩ તથા ૩૪ થી રજુ રાખેલા.

(૧૨.૪) ફરીયાદીના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો અત્રેથી સૌપ્રથમ એવી બાબત ઉલ્લેખનીય બને છે કે હાલના ગુનાના કામે સમગ તપાસ દરમ્યાન આરોપી ચંદ્રિકાબેન પ્રવિણભાઈ પ્રજાપતિના કોઈ હસ્તાક્ષરના નમુનાઓ મેળવવામાં આવ્યા હોય, અને તે નમુનાઓ આ કામે કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર ઉપરની સહી સાથે તેમજ અન્ય દસ્તાવેજી આધારો ઉપરની ચંદ્રિકા બેન તરીકેની સહીઓ સાથે સરખાવી તેનુ હસ્તાંક્ષર નિષ્ણાંત પાસેથી કોઈ અભિપ્રાય મેળવવામાં આવ્યો હોય તેમ જણાય આવતુ નથી.આમ, ફરીયાદપક્ષ સૌથી મહત્વની બાબત તરીકે ડુપ્લીકેટ (કલર ઝેરોક્ષ) કિશાન વિકાસ પત્ર ઉપરની સહી હાલના આરોપીની હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાનુ માનવાનુ રહે છે.

આ કામે ફરીયાદપક્ષનો કેસ આરોપી ચંદ્રિકાબેને લોન લેવા માટે ગીરો મુકેલ અસલ કિશાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ નકલ કાઢી તેને સમય મર્યાદા પુર્ણ થાય તે પહેલા વટાવવા માટે કોશિષ કરેલાના ગુનાના આક્ષેપ છે. આવા સંજોગોમાં ફરીયાદ પક્ષે કલર ઝેરોક્ષ ચંદ્રિકા

બેને કરાવી હતી તથા તેને પાકતી મુદત પહેલા વટાવવા માટે તેના પાછળના ભાગે કરેલી સહી તથા રકમ તેઓના સેવીગ્સ ખાતામાં જમા કરાવવા માટે કરેલુ લખાણ ચંદ્રિકા બેને પોતાના હસ્તાક્ષરમાં કરેલાની હકીકત શંકા રહિત રીતે પુરવાર કરવી પ્રાથમીક રીતે ફરજીયાત બનતુ હતુ. પરંતુ આ કામે ફરીયાદપક્ષે કલર ઝેરોક્ષ કોણે કઢાવી, કયા કઢાવી તેવી બાબતે કોઈપણ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. આ ઉપરાંત આંક–૨૪ વાળા કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર પાછળની સહી તથા તે ઉપરનું લખાણ પણ આ કામના આરોપી ચંદ્રિકા બેને પોતાના હસ્તાક્ષર માં કરી સાચા કિશાન વિકાસ પત્રનું કુટલેખન કરેલાનું પુરવાર કરવા માટે આંક–૨૪ વાળા કિશાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ પાછળની સહી તથા પાકતી રકમ સેવીગ્સ ખાતામાં જમા કરાવવા અંગેનું લખાણ બાબતેનો હસ્તાક્ષર નિષ્ણાંતનો કોઈ અભિપ્રાય આ કામે મેળવવામાં આવેલ ન હોય, આંક– ૨૪ વાળા કિશાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ ઉપરનું લખાણ આ કામના આરોપી ચંદ્રિકા બેને નાઓએ જ કરેલાનુ શંકારહિત રીતે માની શકાય તેમ નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે રૂ.૫૦,૦૦૦/– નુ કિશાન વિકાસ પત્ર ખરીદવા માટે ભરેલ ફોર્મ આંક–૨૬ તથા તેને બેંકમાં ગીરો મુકવા માટે ભરેલ ફોર્મ આંક–૨૭ તથા નાણાં પોસ્ટ ના સેવીંગ્સ એકાઉન્ટમાં જમા કરાવવા બાબતેની સ્લીપમાંની ચંદ્રિકાબેન પી. પ્રજાપતિ લખેલી સહીઓ પણ આ કામના આરોપીની જ છે તે બાબતે પણ તપાસ કરનાર અધિકારી એ આરોપીની સહીના નમુનાઓ મેળવી તે અંગે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવેલાનું જણાય આવતુ નથી. આવા સંજોગોમાં પણ આંક–૨૬ તથા આંક–૨૭ ઉપરની સહીઓ આ કામના આરોપીની જ હોવાનું માની લઈ શકાય તેમ નથી અને આમ, આંક–૨૭ વાળા કિશાન

વિકાસ પત્રને ગીરો મુકયા અંગેના લખાણમાં લોન માત્ર પ્રવિણચંદ્ર બી પ્રજાપતિનાઓએ લીધેલ હતી તેવુ સ્પષ્ટ બને છે. આમ, હાલના આરોપીએ પોતાના નામે કોઈ લોન મેળવેલ ન હતી તેવુ સ્પષ્ટ બને છે. વધુમાં આંક–૨૭ વાળા ગીરો અંગેના લખાણમાં હાલના આરોપી ચંદ્રિકા બેનની જ સહી હોવાનુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ત્યારે હાલના ગુનાના આરોપી ચંદ્રિકા બેનના તકરારી અસલ કિશાન વિકાસ પત્ર બેંકમાં ગીરો મુકી તેના ઉપર લોન લીધેલાની જાણકારી હતી અને તેવી જાણકારી બાદ પણ હાલના આરોપીએ કિશાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ ઉપર સહી કરી કિંમતી જામીનગીરી સ્વરૂપના દસ્તાવેજનુ કુટલેખન કરી તેના નાણાં ઉપાડી લેવા પ્રયત્ન કરેલ હતો તેવો ગુનો આ કામે પુરવાર થતો હોવાનુ માની શકાય તેમ નથી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદ દાખલ કરતા પહેલા ઈન્કવાયરી કરનાર પોસ્ટ ખાતા અધિકારી આસી. સુપ્રિન્ડેન્ડન્ટ ઓફ પોસ્ટ (૨) બારડોલી ડીવીઝન નાઓ એટલે કે આ કામના ફરીયાદી ભાઈલાલભાઈ મગનલાલ ગંડવાલનાઓએ તેઓને આ કામે વ્યારા સબ પોસ્ટ માસ્ટરના પત્ર નં.૩૦૨ થી જાણ કરવામાં આવતા તેઓને સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબે તેઓને તપાસ સોંપેલ હતી અને તે માટેનો પત્ર આ કામે આંક–૨૨ થી રજુ થયેલ છે. આમ , આ કામના ફરીયાદી ગુનાની ફરીયાદ દાખલ કરી તે અગાઉ ખાતાકીય તપાસના કામે તપાસ કરનાર અધિકારી હતા અને તેઓએ આ ખાતાકીય તપાસના કામે આંક–૩૨ થી વાસુદેવ કોરાડે તથા આંક–૩૩ થી આ કામના આરોપી ચંદ્રિકા બેન પ્રવિણચંદ્ર પ્રજાપતિ નાઓનુ તથા આંક–૩૪ થી રજુ થયેલ મહેન્દ્ર ભાઈ એન.ચૌધરીન ાઓનુ નીવેદન તા.૧૦/૧૦/૨૦૦૮ ના રોજ લીધેલ હતુ અને આ નિવેદનો આ

કામે પુરાવા દરમ્યાન રજુ કરવામાં આવેલ છે.

આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ૩૩ નું નિવેદન ખાતાકીય તપાસ ના કામે ઈન્કવાયરી ઓફીસર ધ્વારા લેવામાં આવેલ હતા. આ નિવેદનની પુરાવામાં ગ્રાહ્યતા અને તેનુ પુરાવાકીય મુલ્યાંન બાબતે ચર્ચા કરવામાં આવે તો, આ કામે ઈન્કવાયરી ઓફીસર તરીકે ફરીયાદીએ આરોપીનુ નિવેદન ફરીયાદ દાખલ કરતા પહેલા લીધેલ હતુ. ચોકકસ પણે જ ઈન્કાયરી ઓફિસર રૂબરૂના આરોપીના નિવેદનને આરોપી વિરુધ્ધ ઉપયોગમાં લઈ શકાય છે. પરંતુ ઈન્કવાયરી ઓફિસર એક પોસ્ટ ડીપાર્ટમેન્ટના વ્યકિત છે તેવા સંજોગોમાં તે પોતાના ડીપાર્ટમેન્ટ સાથેના ગુનાના કામે ડીપાર્ટમેન્ટ માટે રસ અને હિત ધરાવનાર વ્યકિત છે તેવા સંજોગોમાં હાલની ફોજદારી કાર્યવાહીમાં આરોપીનુ ઈન્કાયરી ઓફિસર (ફરીયાદી) રૂબરૂ નુ નિવેદનને વધુ સારા અને વિશ્વાસજન્ય પુરાવા તરીકે ધ્યાને લેવુ ન્યાયોચીત જણાય આવતુ નથી.

(૧૫) આંક–૩૩ ના આરોપીના ઈન્કવાયરી ઓફિસર રૂબરૂના નિવેદનને વંચાણે લેવામાં આવે તો, તેમાં આરોપીએ ફરીયાદ પક્ષ જે ઘટનાક્રમ દર્શાવી જે સ્વરૂપના ગુનાના આક્ષેપો કરે છે તેવા ઘટનાક્રમ અને તેવા ગુનાના સ્વરૂપ બાબતે આરોપીએ ઈન્કવાયરી ઓફિસર રૂબરૂ કોઈપણ પ્રકારની કબુલાત કરી હોય તેમ જણાય આવતુ નથી. આવા સંજોગોમાં પણ આંક–૩૩ થી રજુ આરોપીનુ ઈન્કવાયરી ઓફિસર (ફરીયાદી) રૂબરૂનુ નિવેદન આ કામે આરોપી વિરુધ્ધના આક્ષેપિત ગુનાઓને પુરવાર કરવા માટે આરોપી વિરુધ્ધ મહત્વનો પુરાવો સાબીત થતો હોવાનુ જણાય આવતુ નથી.

(૧૬) ફરીયાદ પક્ષે સાહેદ અમરસિંહભાઈ ધુરીયાભાઈ ચૌધરીને આંક–૩૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, '' સને ૨૦૦૮ માં અમો વ્યારા પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતો હતો. ટ્રેઝરીમાં મારે પૈસાની લેવડદેવડ કરવાની હોય છે. મારે પોસ્ટ માસ્તર જે કંઈક ચુકવણી માટે હુકમ કરેલ તેનું પાલન કરવાનુ કહોય છે. મને અમારી પોસ્ટ ઓફીસ દરમ્યાન ફરજ પર પોસ્ટ માસ્ટર મારફત જાણવા મળેલ કે આપણી ઓફીસમાં ચંદ્રિકાબેને ડુપ્લીકેટ સર્ટીફીકેટ વટાવવાની કોશિષ કરી છે તે સર્ટીફીકેટ રૂા.૫૦,૦૦૦/– ના હતા. પછી ચુકવેલા કે કેમ તે**ની મને ખબર નથી. આ બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.આ કામની ફરીયાદ પોસ્ટ માસ્તરે આપેલી.**

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તે વાત ખરી છે કે, બનાવની જાણ મને પોસ્ટ માસ્તર ધ્વારા જાણવા મળેલી. તે વાત ખરી છે કે, પોસ્ટ માસ્તર જે રકમની ચૂકવણી કરવાનો હુકમ કરે તેટલી જ રકમ અમે ચૂકવતા હોઈ છીએ. તે વાત ખરી છે કે, બનાવની જાણ મને પછીથી થઈ. તે વાતની મને ખબર નથી કે પોલીસ મારો જવાબ કઈ તારીખે લીધેલી.

સદર સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓને બનાવની જાણ પોસ્ટ માસ્ટર ધ્વારા કરવામાં આવેલાનુ જણાય આવે છે આ ઉપરાંત આ ગુનાના કામે તેઓએ આરોપીને પોસ્ટ ઓફીસમાં બનાવના દિવસે જોયા હોય તેમ જણાય આવતુ નથી. આ ઉપરાંત તેઓએ ગુનાના કોઈપણ ઘટનાક્રમ દરમ્યાન કોઈપણ કામગીરી કરી હોય તેમ જણાય આવતુ

નથી. આમ, સાહેદ અમરસિંગભાઈ એક હીઅરસે સ્વરૂપનો પુરાવો રજુ કરતા હોય, તેઓનો પુરાવો આરોપી વિરુધ્ધના ગુનાનુ તહોમતને પુરવાર કરવા માટે મહત્વનો સાબીત થતો હોવાનુ જણાય આવતુ નથી.

(૧૭) સાહેદ પરેશભાઈ મનુભાઈ ચૌધરીને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, સને ૨૦૦૮ માં અમો વ્યારા માલીવાડ પોસ્ટ ઓફીસમાં ફરજ બજાવતો હતો મારે ડીસ્પેચ કલાર્ક તરીકે ફરજ બજાવવાની હતી તેમાં રજીસ્ટર આર્ટીકલ, સ્પીડ પોસ્ટ ઓર્ટી. પોસ્ટ મેનોને ડીલવર કરવા આપવાના અને તેમજ બ્રાંચ ઓફીસમાં જે આર્ટીકલ આવેલ હોય તે ડીસ્પેજ કરવા માટે આપવાના થતા હોય છે. મને મારી ફરજ દરમ્યાન પોસ્ટ માસ્તર ધ્વારા જાણવા મળેલ કે ચંદ્રિકાબેને આપણી ઓફિસમાં કિસાન વિકાસ પત્રની કલર ઝેરોક્ષ કાઢી સર્ટીફીકેટ વટાવવાની કોશિષ કરી છે તે સર્ટીફીકેટ રૂા.૫૦,૦૦૦/–ના હતા. આ કામની ફરીયાદ પોસ્ટ માસ્તરે આપેલી. આ બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, તે વાત ખરી છેકે, બનાવની જાણ મને પોસ્ટ માસ્તર ધ્વારા જાણવા મળેલી. તે વાત ખરી નથી કે મને કોઈ કલર ઝેરોક્ષ પોસ્ટ માસ્તરે બતાવેલ ન હતી. તે વાતની મને ખબર નથી કે પોલીસે મારો જવાબ કઈ તારીખે લીધેલો. તે વાત ખરી છેકે, હું ફકત ડીસ્પેચ કલાર્ક તરીકે ફરજ બજાવતો હતો. કલર ઝેરોક્ષનો નંબર કયો હતો તે હુ રેકર્ડ જોઈને જણાવી શકુ મને હાલ મોઢે યાદ નથી.

સદર સાહેદના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓને બનાવની જાણ પોસ્ટ માસ્ટર ધ્વારા કરવામાં આવેલાનુ જણાય આવે છે આ ઉપરાંત આ ગુનાના કામે તેઓએ આરોપી ને પોસ્ટ ઓફીસમાં બનાવના દિવસે જોયા હોય તેમ જણાય આવતુ નથી. આ ઉપરાંત તેઓએ ગુનાના કોઈપણ ઘટનાક્રમ દરમ્યાન કોઈપણ કામગીરી કરી હોય તેમ જણાય આવતુ નથી. આમ, સાહેદ પરેશભાઈ મનુભાઈ એક હીઅરસે સ્વરૂપનો પુરાવો રજુ કરતા હોય, તેઓનો પુરાવો આરોપી વિરુધ્ધના ગુનાનુ તહોમતને પુરવાર કરવા માટે મહત્વ નો સાબીત થતો હોવાનુ જણાય આવતુ નથી.

(૧૮) સાહેદ પન્નાબેન દયાળજીભાઈ ચૌધરીને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, સને ૧૯૮૦ વ્યારા સબ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા હતા. એસબીપીએ તરીકે અમો ૧૯૯૫ થી ફરજ બજાવતા હતા. તા.૭/૧ ૦/૨૦૦૮ ના રોજ અમો ફરજ પર હતી તે વખતે ચંદ્રિકાબેન પ્રજાપતિ અને તેમની સાથે એજન્ટ વાસુદેવભાઈ આવેલા. તેમને સેવિંગ્સ બેંક પાસબુક અને જમા સ્લીપ રજૂ કરેલી. કિસાન વિકાસ પત્ર સર્ટીફીકેટના પૈસા સેવિંગ્સ બેંક ખાતામાં જમા કરાવાના હતા. મને આંક–૨૪ નું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે. તેના પૈસા જમા કરવાના હતા. **આ સર્ટીફીકેટ મારી બાજુમાં ટેબલ પર ફરજ બજાવતા મહેન્દ્રભાઈએ લીધેલુ.** મહેન્દ્રભાઈએ એવુ કીધેલ કે મારુ કામકાજ વધારે હોય, સર્ટીફીકેટની ખરાઈ કરવા પછી મોકલી આપશો. એટલે અમોએ સર્ટીફીકેટના જે પૈસા રૂા.૬૦,૩૯૮/– મળતા હોય તે સેવિંગ્સ ખાતામાં જમા કરેલા. મને આંક–૨૪ નું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે. જેમાં પાછળ ચંદ્રિકાબેનની સહી છે.

એટલે પછી મહેન્દ્રભાઈને સમય મળતાં સર્ટીફીકેટનું વેરીફીકેશન કરતાં આ સર્ટીફીકેટ સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકમાં ગીરો તરીકે મૂકેલ હોવાનુ જાણવા મળેલ. જે ઓરીજનલ સર્ટીફીકેટ પર જે શેરો મારેલ હોય તે આંક–૨૪ ના સર્ટીફીકેટમાં ન હતો. જેથી પોસ્ટના બે માણસો મહેન્દ્ર ભાઈ અને પરેશભાઈ બેંકમાં સર્ટીફીકેટ બાબતે તપાસ કરવા ગયેલા. એટલે તપાસ કરતાં આ સર્ટીફીકેટ કલર ઝેરોક્ષ હતી જેથી ચંદ્રિકાબેના ખાતામાંથી જે પૈસા જમા કરેલા હતા તે કેન્સલ કરી દીધેલા હતા. આ હકીકત અંગેનો રીપોર્ટ અમારા પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તરશ્રીએ હેડ સુપ્રિન્ટેન્ડેન્ટ બારડોલીને કરેલો. જે બાબતે પોલીસ ફરીયાદ કરવામાં આવેલી. અને પોલીસે તે બાબતે મારો જવાબ લીધેલો. આજ રોજ કોર્ટમાં ચંદ્રિકાબેન હાજર છે અને તે તેજ છે. જેને હું ઓળખી બતાવુ છુ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, ૦૩જીજી૦૭૩૩૮૪ સર્ટીફીકેટનો નંબર છે. તે વાત ખરી છે કે, આ સર્ટીફીકેટ મહેન્દ્રભાઈના ટેબલ પર હતુ. તે વાત ખરી નથી કે, મહેન્દ્રભાઈએ કામના ભારણને કારણે ફકત મને આરોપીના ખાતામાં પૈસા જમા કરાવવાનુ કહેલુ. સર્ટીફીકેટ આપેલ ન હતુ. તે વાત ખરી નથી કે, અમો બાજુના ટેબલ પર હોય મહેન્દ્રભાઈને આ સર્ટી. કોણે આપેલ તે અમો કહી શકીએ નહી. તે વાત ખરી નથી કે, પોસ્ટના એજન્ટ ધ્વારા આ સર્ટી. જમા કરાવવામાં આવે છે. તે વાત ખરી છે કે મારી પાસે જ્યાં સુધી આ સર્ટી. હતુ ત્યા સુધી અમોએ આ સર્ટીફીકેટ સાચુ માની લઈ આરોપીના ખાતામાં પૈસા જમા કરેલ હતા. તે વાત ખરી છે કે, જે સમયે મહેન્દ્રભાઈ અને પરેશભાઈ બેંકમાં ગયા ત્યારે હું પોસ્ટ ઓફિસમાં હતી. તે વાત ખરી

છેકે, બેંકમાં શું થયેલ તે હકીકતની મને ખબર નથી. તે વાતની મને ખબર નથી કે ફરીયાદ કયારે આપવામાં આવેલી. તે વાત ખરી નથી કે બનાવ બન્યાના દિવસે જ પોલીસે મારો જવાબ લીધેલો. તે વાત ખરી છે કે પોસ્ટ માસ્તરે મારી રૂબરૂમાં હેડ સુપ્રિટેન્ડેન્ટ બારડોલીને રીપોર્ટ કરેલ ન હતો. તે વાત ખરી નથી કે મહેન્દ્રભાઈએ વેરીફીકેશન કયારે કર્યુ તે હુ કહી શકું નહી. તે વાત ખરી નથી કે વેરીફીકેશન થયા પછી મને હકીકતની જાણ થયેલી. પોલીસે મારો જવાબ પોસ્ટ ઓફિસે લીધેલો. તે વાત ખરી નથી કે પોલીસે ફકત મારું નામઠામ પૂછી લીધેલુ. આ કામની ફરીયાદ સુપ્રિ. આપેલી. એ વાત ખરી નથી કે પોલીસે મને જવાબ વાંચવા આપેલ નથી.

સદર સાહેદ પન્નાબેનના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેણીના જણાવ્યા મુજબ આરોપી પોસ્ટ ખાતાના એજન્ટ વાસુદેવભાઈ સાથે પોસ્ટ ઓફીસમાં ગયેલ હતા અને ફકત સેવિગ્સ બેંક પાસબુક અને જમા સ્લીપ રજૂ કરેલી હતી આરોપી ચંદ્રિકાબેન કે એજન્ટ વાસુદેવભાઈએ ખોટુ કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર સાહેદ પન્ના બેનને આપેલ હોય તેવુ બનેલ નથી. પન્નાબેનની પોતાની જુબાની મુજબ આવુ કલર ઝેરોક્ષ વાળુ કિશાન વિકાસ પત્ર આંક-૨૪ વાળુ મહેન્દ્રભાઈને આપવામાં આવેલ હતુ. આરોપીએ કોઈપણ જગ્યાએ હાલના સાહેદ પન્નાબેન રૂબરૂમાં પોતાની સહી કરી હોય, તેવુ પુરાવો સાહેદ પન્નાબેને રજુ કરેલ નથી. કિશાન વિકાસ પત્રની ખરાઈ કરવાની કામગીરી સાહેદ મહેન્દ્રભાઈની હતી તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે અને સાહેદ મહેન્દ્રભાઈના કહેવાથી આરોપી ચંદ્રિકાબેનના સેવીગ્સ ખાતા નં.૩૪૧૩૬૬૮ માં રૂ.૬૦,૩૯૮/- હાલના સાહેદે જમા કરેલ હતા તેવુ સ્પષ્ટ બને છે. આ ઉપરાંત

મહેન્દ્રભાઈને કિશાન વિકાસ પત્ર બેંકમાાં ગીરો મુકેલાનુ જાણવા મળેલ હતુ અને તેઓએ હાલના સાહેદને આ વિગત જણાવેલ હતી તેમ જણાય આવે છે. આમ, કિશાન વિકાસ પત્ર કે તેના ઉપરની સહી સાહેદ પન્નાબેને સરખાવી હોય, તેમ જણાય આવતુ નથી. વધુમાં અસલ કિશાન વિકાસ પત્ર સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકમાં ગીરો તરીકે મૂકેલ હોવાનુ જાણવા મળેલ તેથી સાહેદ મહેન્દ્રભાઈ અને પરેશભાઈનાઓ બેંકમાં જાતે રૂબરૂમાં જાતે તપાસ કરવા ગયેલાનો પુરાવો સાહેદ પન્ના બેને રજુ કરેલ છે પરંતુ સાહેદ પરેશભાઈએ પોતાની સોગંદ ઉપર જુબાની આંક-૩૬ માં આવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સાહેદ પરેશભાઈએ તેઓ સાહેદ મહેન્દ્રભાઈની સાથે સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકમાં અસલ કિશાન વિકાસ પત્રની તપાસ કરવા માટે ગયેલાની હકીકતને સમર્થન પુરુ પાડેલ નથી.

સાહેદ પન્ના બેન બનાવ અગાઉથી આરોપી ચંદ્રિકાબેનને ઓળખતા હોવાનુ પણ સ્પષ્ટ બનતુ નથી આવા સંજોગોમાં તેઓએ આરોપી ચંદ્રિકાબેનને બનાવના દિવસે જ જોયેલ હતા તેમ જણાય આવે છે. આવા સંજોગોમાં આરોપીની ઓળખ પરેડ યોજવી અને આરોપીની ઓળખ નિશ્ચીત કરવી ખુબ જ જરૂરી હતી તેમ છતાં આ કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા આવી કોઈ ઓળખપરેડ યોજવામાં આવેલ નથી. આવા સંજોગોમાં સાહેદ પન્નાબેને આરોપી ચંદ્રીકાબેનની બનાવના દિવસે પોસ્ટ ઓફિસમા હાજરી સંબંધે પુરાવો શંકારહિત રીતે ધ્યાને લેવા પાત્ર જણાય આવતો નથી.

(૧૯) સાહેદ અરૂણભાઈ વિઠૃલભાઈ કૌરાનેને આંક-૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ ને આજથી દસ વરસ ઉપર બનેલો. બનાવ વખતે મારા મોટા

ભાઈ વાસુદેવ વિઠ્ઠલરાવ કૈરાને પોસ્ટ ખાતામાંથી રીટાયડ થયેલા અને તેઓએ ચંદ્રિકાબેન સાથે પૈસાનો વ્યવહાર કરેલો. બનાવ વખતે મારા ભાઈ પોસ્ટમાં પૈસા ભરવા બાબતના એજન્ટનું કામ કરતા હતા. મને બનાવની કોઈ જાતમાહીતી નથી પરંતુ વાત વાતથી આજુબાજુના લોકો ધ્વારા જાણવા મળેલ કે, ચંદ્રિકાબેનનાઓએ ફ્રોડ કરેલ છે. સદર બનાવ બાબતે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી.

સદર ફરિયાદીએ ફરિયાદને સમર્થન કરતો કોઇ પુરાવો રજુ રાખેલ ન હોય, વિ. સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવાર ની ઉલટતપાસ કરવા છતાં પણ તેઓએ ફરીયાદની હકીકતને સમર્થનકારક કોઇ પુરાવો આપેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા, એ વાત ખરી છેકે, મારા મોટાભાઈ વાસુદેવભાઈ મરણ ગયેલ છે. એ વાત ખરી છેકે, હુ અને વાસુદેવભાઈ અલગ અલગ ફળીયામાં રહેતા હતા. તે વાત ખરી છેકે, આરોપી ચંદ્રિકાબેન મારા ફળીયામાં રહતા હોવાથી હુ તેને અંગત રીતે ઓળખુ છુ. એ વાત ખરી છેકે, મારા જે પચાસ હાજર રૂપિયાનો વ્યવહાર થયેલો તેની સાથે કિસાન વિકાસ પત્ર કે આ બનાવ બાબતે કાઈ લાગતુ વળગતુ નથી. એ વાત ખરી છેકે, મને કોર્ટ ધ્વારા સમન્સ મોકલ્યો ત્યારે ખબર પડી કે મારુ નામ છે. એ વાત ખરી છેકે, પોલીસવાળાએ મારો જવાબમાં શુ લખેલુ તે મને ખબર નથી અને મે કોઈ પોલીસ જવાબ લખાવેલ નથી. એ વાત ખરી છેકે વાસુદેવભાઈ અને ચંદ્રિકાબેન સાથે શું વ્યવહાર થયેલો અને શુ બનાવ બનેલો તે બાબેત મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે આરોપી ફળીયામાં રહેતા હતા તેથી તેમને મદદ કરેલી ઉછીના

પૈસા આપેલા. એ વાત ખરી છકે, વ્યારા પોસ્ટ ઓફિસમાં તથા સુરત ડી.કો.બેંકમાં શુ થયેલુ તેની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છેકે મે કોઈ કિસાન વિકાસ પત્ર જોયુલુ નથી. તેની કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, ચંદ્રિકાબેને શું ફ્રોડ કરેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મે વાસુદેવભાઈને કિસાન વિકાસ પત્ર બાબતમાં કોઈ હકીકત જણાવેલ નથી કે વાસુદેવભાઈએ પણ કિસાન વિકાસ પત્ર બાબતે મને કોઈ વિગત જણાવેલ નથી.

સાહેદ અરૂણભાઈના ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ પોસ્ટ ઓફીસના એજન્ટ વાસુદેવભાઈ કોરાણેના ભાઈ છે. પરંતુ તેઓએ ગુના પુરવાર કરવા સંબંધે તેવી કોઈ હકીકત પોતાના પુરાવા દરમ્યાન જણાવેલ નથી. આવા સંજોગોમાં સાહેદ અરૂણભાઈનો પુરાવો આરોપીને દોષિત ઠરાવવા માટે લેશમાત્ર પણ ફરીયાદપક્ષ માટે ઉપયોગી સાબીત થતો હોવાનુ જણાય આવતુ નથી.

(૨૦) પંચ સાહેદ ઈશ્વરભાઈ પોસલીયાભાઈ ગામીતને આંક–૪૫ થી તથા પંચ સાહેદ રમણભાઈ દેવજીભાઈ ભારતીને આંક–૪૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. બન્ને પંચોએ સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૪/૨/૨૦૦૯ના રોજ વ્યારા પોલીસે બન્ને એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી. તે પંચનામુ શાનુ હતુ તેની તેઓને ખબર નથી. તેઓને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જે કોઈને કહે છે કે, પંચનામામાં તેઓની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૪૬ આપવામાં આવે છે.

સદર પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો રજુ રાખેલ ન હોય, વિ. સરકારી વકીલશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવાર ની ઉલટતપાસ કરવા છતાં પણ

તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારક કોઇ પુરાવો આપેલ નથી.

સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

પંચ સાહેદ ઈશ્વરભાઈની ઉપરોકત જુબાનીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો સાહેદ ઈશ્વરભાઈખ રૂબરૂ પોલીસે આંક-૨૪ વાળુ કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર, આંક-૨૫ વાળુ ધ સુરત ડીસ્ટ્રીકટકો. ઓ.બેંકના મેનેજર તરફથી વ્યારા પોસ્ટ ઓફીસના મેનેજરને લખવામાં આવેલ પત્ર તથા કિશાન વિકાસ પત્ર ખરીદવા માટે કરવામાં આવેલ અરજી જેવા મહત્વના પુરાવાઓ પોલીસે કબજે કરતા પરંતુ પંચ સાહેદ ઈશ્વરભાઈનાઓએ આંક-૪૫ થી તથા બીજા પંચ રમણભાઈએ આંક-૪૭ થી જુબાનીઓ આપી પંચનામુ તેઓ રૂબરૂમાં કરવામાં આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી.

(૨૧) સદર સાહેદ દિપ્તીબેન પજ્ઞેશભાઈ ચૌધરીને આંક-૪૮ થી સોગંદ ઉપર તપાસવાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, '' હું વ્યારા પોસ્ટ ઓફિસમાં સને ૨૦૦૭ થી કલાર્ક તરીકે ફરજ બજાવતી હતી અને હાલમાં હુ ડોલવણ પોસ્ટ ઓફીસમાં ફરજ બજાવુ છુ. હુ કામના આરોપી ચંદ્રીકાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિને ઓળખુ છુ. તેજ રીતે વાસુદેવ વી. કુરાને હુ ઓળખુ છુ. જે પોસ્ટ ખાતામાં એજન્ટ તરીકે હતા અને જેઓ રીટાયર પોસ્ટ માસ્ટર હતા. હુ સને ૨૦૦૮ ની સાલમાં વ્યારા પોસ્ટ ઓફીસમાં હાજર હતી ત્યારે પોસ્ટ માસ્ટર તરીકે નાનુભાઈ નારણભાઈ પટેલ હતા. સને ૨૦૦૮ ની સાલમાં ૭/૧૦/૨૦૦૮ ના રોજ હુ મારી ફરજ પર હાજર હતી તે વખતે **પોસ્ટ માસ્ટર નાનુભાઈએ અમોને જણાવેલ કે** આ ચંદ્રિકાબેન તેમજ વાસુદેવભાઈ ખોરાનેનાઓએ ડુપ્લીકેટ કિસાન વિકાસ પત્રક રજુ કરી. એટલે કે કલર ઝેરોક્ષ કોપી રજુ કરી પૈસા ઉપાડવાની કોસીસ કરેલી જે કિસાન વિકાસ પત્રક રૂા.૫૦,૦૦૦/- નુ હતુ તેવી તેઓને ખબર પડેલી આ બનાવ સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની આરોપીના વિ.વ. શ્રી તરફે કરવામાં આવેલ

ઉલટતપાસ ધ્યાને લેતા, બનાવને ઘણો લાંબો સમય થયેલ હોવાથી મારો જવાબ તા.૨૪/૦૧/૨૦૦૯ ના રોજ લીધેલો તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે વાસુદેવભાઇ ખોરાને આ પોસ્ટ ઓફીસમાં પોસ્ટ માસ્ટર તરીકે નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે, તા.૭/૧૦/૨૦૦૮ ના રોજ હું ફરજ પર હજાર ન હતી. એ વાત ખરી છે કે, બનાવની હકીકત મને નાનુભાઇ નારણભાઇનાએ કરેલી. એ વાત ખરી છે કે, મારા પોલીસ નિવેદનમાં જણાવેલ છે કે એજન્ટશ્રી વાસુદેવભાઇ ખોરાને પોતાના હસ્તાક્ષર કિસાન વિકાસ પત્રકની પાછળ લખી નાણા ઉપાડી લેવાની કોસીસ કરી. એ વાત ખરી છે કે, સદર બનાવ લગત મને કોઇ જાત માહિતી નીથ. એ વાત ખરી છે, મને જે હકીકત જણાવેલી તે હકીકતમે પોલીસને મારા નિવેદનમાં જણાવેલી. એ વાત ખરી નથી કે હુ પોસ્ટ ખાતામાં નોકરી કરતી હોવુ ફરિયાદીના સમર્થન માં ખોટી જુબાની આપે છે.એ વાત ખરી છે કે, મારે આરોપી સાથે કોઇ પર્સનલ કોઇ સંબંધ નથી.

સાહેદ દિપ્તીબેનના સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓને બનાવ બાબતે કોઇ અંગત જાણકારી હોય તેવુ જણાય આવતુ નથી. તેઓને બનાવની જાણ નાનુભાઇ નારણભાઇ પટેલનાઓએ જણાવેલ હોવાની હકીકત જણાય છે. વધુમાં સાહેદ દિપ્તીબેનનો પુરાવો હીઅરસે સ્વરૂપનો છે અને આમ, સાહેદ દિપ્તીબેનનો પુરાવો પણ ફરીયાદપક્ષના કેસને પુરવાર કરવા માટે મહત્વનો બની રહેતો નથી.

(૨૨) સદર સાહેદ નાનુભાઇ નારણભાઇ પટેલને આંક-૫૦ થી સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, હુ સને ૨૦૦૮-૨૦૦૯માં વ્યારા પોસ્ટ ઓફિસ ખાતે પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતો હતો. **તે સમયે અમારી પોસ્ટ ઓફીસમાં ફરજ બજાવતા કાઉન્ટર કલાર્ક તરીકે મહેન્દ્રભાઇ ચૌધરીનાઓ હતા. તેમની પાસે એક કિશાન વિકાસ પત્ર જેની મુળ કિ.રૂા.૫૦,૦૦૦/- જે વટાવવા માટે આવેલુ હતુ.** સદરહુ કિશાન વિકાસ પત્ર વટાવીને સેવીગ એકાઉન્ટમાં જમા કરવાનુ હતુ. **તે**

વખતે વી.વી.કોરાણે જે રીટાયર્ડ પોસ્ટ માસ્તર હતા અને એજન્ટ તરીકેનું કામ કરતા હતા અને તેની સાથે આ ચંદ્રિકાબેનમનાઓ આવેલા હતા. સદરહુ સર્ટિફિકેટ લઈને આવેલા જે સર્ટિફિકેટ જોતા એક તરફ સીધી બાજુની પ્રિન્ટ હતી અને બીજી બાજુ ઉંધી સાઇડની પ્રિન્ટ હતી જેથી અમોને આ સર્ટિફિકેટ બાબતે શંકાસ્પદ જણાયેલ. અમારી ઓફીસમાં આ કિશાન વિકાસ પત્રના મુળ અરજીમાં નોંધ કરેલ હતી કે આ સર્ટિફિકેટ ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં લોન લેવા માટે કાર્યવાહી કરેલી છે અને આ લોકો જે સર્ટિફિકેટ રજુ કરેલુ જેમાં પાછળના ભાગે લોન માટેની કાર્યવાહી કરેલી તેની કોઇ વિગત લખેલી ન હતી. આ અરજી પત્રક રજુ કરેલુ જેમાં પાછળના ભાગે લોન માટેની કાર્યવાહી કરેલી તેની કોઇ વિગત લખેલી ન હતી. આ અરજી પત્રક સાથે લોન માટેની જે કાર્યવાહી કરવામાં આવે છે તે પત્રક બેંક મેનેજરની સહી તથા ડીપોઝીટરની સહી સાથેનો પત્ર અરજીપત્રક સાથે સામેલ કરેલ હતો જેથી ખ્યાલ આવે કે બેંક માટે લોન લેવા માટેની કાર્યવાહી કરેલ છે. આ દરમ્યાન અમે બેંકમાં તપાસ કરવા માટે બે કલાર્કને લેખિત પત્ર ધ્વારા બેંકમાં તપાસ માટે મોકલેલ. બેંક મેનેજર લેખિતમાં મને જવાબ આપેલ કે આ સર્ટિફિકેટ અમારી પાસે ગીરવે મુકેલા છે. તે રીતનો લેખિત પત્ર મને સુપરત કરેલ જે મે તમામ સામગ્રી સાથે બારડોલી ડીવીઝન ખાતે વધુ તપાસ માટે રજીસ્ટર પોસ્ટથી રવાના કરેલ અને આ બનાવની જાણ સુપ્રિટેન્ડન્ટશ્રીને ફોન ધ્વારા જાણ કરેલી. સદર દસ્તાવેજને આંક–૫૧ આપવામાં આવે છે.

મને આંક–૨૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે બનાવ અમારી પોસ્ટ ઓફીસમાં વટાવવા માટે આવેલ હતો તેજ છે. સદરહુ સર્ટિફિકેટ પ્રવિણચંદ્ર બી પ્રજાપતિ અને ચંદ્રિકાબેન પી પ્રજાપતિના નામનો છે. સદર સર્ટિફિકેટમાં નીચે ચંદ્રિકાબેન પી પ્રજાપતિની સહી છે અને વીટનેશ તરીકે વી.વી.કોરાણેની સહી છે. આ કિશાન વિકાસ પત્ર બાબતે બેંકમાં તપાસ કરતા જે અસલ કિશાન વિકાસ પત્ર ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં લોન માટે ગીરવે મુકેલ હતુ. મને આંક–૨૬ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે કિશાન

વિકાસ પત્ર ઓરીજીનલ અરજી છે. જેમાં પાછળના પેજ પર સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં તારીખ ૧૦/૦૧/૨૦૦૬ ના રોજ ગીરવે મુકેલ તેની નોંધ છે. આ બનાવ સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના સાહેદ મહેન્દ્રભાઇ નટવરભાઇ ચૌધરીનાઓ હાલમાં મારી જાણ મુજબ વ્યારા ખાતે પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા,

એ વાતની મને ખબર નથી કે વાસુદેવ કોરાડે વ્યારા પોસ્ટ ઓફીસમાં નોકરી કરતા હતા.

સવાલ :– કિશાન વિકાસ પત્ર મહેન્દ્રભાઇ પાસે રજુ કરેલા ?

જવાબ :– કાઉન્ટર કલાર્ક પાસે રજુ કરેલુ પરંતુ તેમને શંકા લાગતા તેમણે મને બતાવેલુ.

એ વાત ખરી છેકે, તે પહેલા મારી રૂબરૂ રજુ કરેલ ન હતુ. **એ વાત ખરી છેકે, આ કિશાન વિકાસ પત્ર વાસુદેવભાઇએ મહેન્દ્રભાઇ પાસે વટાવવા માટે રજુ કરેલુ. એ વાત ખરી છેકે, મહેન્દ્રભાઇના કહેવાથી મને ખબર પડેલ કે વાસુદેવભાઇએ રજુ કરેલ છે.** એ વાતનો મને ખ્યાલ નથી કે મહેન્દ્રભાઇએ મને કીધેલ કે,વાસુદેવભાઇના હસ્તાક્ષર મા તે ફોર્મ રજુ કરેલ છે. **એ વાત ખરી છે કે મહેન્દ્રભાઇએ જયારે મને આ હકીકત જણાવી ત્યારે વાસુદેવભાઇ કે ચંદ્રિકાબેન મારી રૂબરૂમાં હાજર હતા નહી.**

સવાલ :– મહેન્દ્રભાઇએ જે હકીકત અમને જણાવેલ તે હકીકત તમે પોલીસ રૂબરૂના જવાબમાં લખાવેલ?

જવાબ :– પોલીસ મારી પાસે આવેલ નથી.

એ વાત ખરી છેકે, પોલીસ વાળાએ મારી કોઇ પુછપરછ કરેલ નથી કે જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે, હુ જાતે સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં તપાસ કરવા ગયેલ નથી. એ વાત ખરી નથી કે

પોસ્ટ ઓફીસના કલાકે કીધેલ તે કારણે મને ખબર પડેલ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે જાતે નિરીક્ષણ કરેલી. એ વાત ખરી છે કે મે જાતે બેંકમાં જઇને નિરીક્ષણ કરેલ નથી એન હું બેંકમાં ગયેલ નથી.

સવાલ :– તમને મહેન્દ્રભાઈએ કહેલ અને બેંકનો રીપોર્ટ આવ્યો અને તેના સંદભમાં તમે બારડોલી પોસ્ટ ઓફીસમાં લેટરથી જાણ કરેલી?

જવાબ:– મહેન્દ્રભાઈ તથા બીજા એક કારકુનને લેખિતમાં મે બેંકમાં જાણ કરેલ જેના પરથી જવાબ આવેલ, સુપ્રિટેન્ડન્ટ સાહેબની સુચનાથી રજીસ્ટર પોસ્ટથી સમગ્ર ડોકયુમેન્ટ તેજ દિવસે મોકલેલ.

સવાલ :– આ સિવાય તમે બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

જવાબ :– મે ફોર એકશન, નેસેસરી એકશન તેમ લખેલ.

એ વાત ખરી છેકે, મે આ લેટર મોકલ્યો તે સિવાય અન્ય બીજી કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છેકે, અસલ કિશાન વિકાસ પત્ર સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં જમા હતુ. **એ વાત ખરી છે કે, અસલ કિશાન વિકાસ પત્ર અને ડુપ્લીકેટ કિશાન પત્રની મે પોતે સરખામણી કરેલ નથી.** એ વાત ખરી છેકે, આજે મને જે આંક–૨૪ ના કિશાન વિકાસ પત્ર બતાવેલ તે સિવાય બીજા કિશાન વિકાસ પત્ર મે જોયેલ નથી. **એ વાત ખરી છેકે, મારી રૂબરૂમાં વાસુદેવભાઇ કે ચંદ્રિકાબેન કિસાન વિકાસ પત્ર વટાવવા માટે આપેલ હોય તેમ બનેલ નથી.** એ વાત ખરી છેકે, આ કિશાન વિકાસ પત્ર વટાવવા માટે સાક્ષી તરીકે વાસુદેવભાઇની સહી છે.

સવાલ :– તમે લેટર લખતા પહેલા કોઈ સાયન્ટીફીક અભિપ્રાય લીધેલ નથી.

જવાબ :– મે નિર્ણય લીધેલ નથી.

એ વાત કરી છેકે મને શંકા ગયેલી. એ વાત ખરી નથી કે પોસ્ટ ઓફીસના રીટાયર્ડ કર્મચારી હોય જે કારણે તેમને સમર્થન આપવા માટે ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે હુ કરી ગયેલ તેવી કાર્યવાહી મે કરેલ નથી પણ મહેન્દ્રભાઇએ કરેલ.

સાહેદ નાનુભાઈની ઉપરોકત જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ નાનુભાઈનાઓ વ્યારા ખાતે પોસ્ટ માસ્ટર તરીકે બનાવના અરસામાં ફરજ બજાવતા હતા. તેઓએ સરતપાસમાં વી.વી.કોરાણે અને ચંદ્રિકાબેન પોસ્ટ ઓફીસે આવેલાની હકીકત જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં સ્પષ્ટપણે તેમની રૂબરૂમાં વાસુદેવભાઈએ કે ચંદ્રીકાબેનને કિશાન વિકાસ પત્ર વટાવવા માટે મહેન્દ્રભાઈને આપ્યુ હોય, તેમ બનેલ નથી તેવી હકીકત જણાવેલ છે. આ ઉપરાંત સાહેદે પોતાની સરતપાસમાં કિશાન વિકાસ પત્ર વાસુદેવભાઈએ મહેન્દ્ર ભાઈને આપેલાની હકીકત તેઓને મહેન્દ્રભાઈ મારફતે જાણવા મળેલાનુ પણ સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, સાહેદ નાનુભાઈએ બનાવના દિવસે ચંદ્રિકાબેનને પોસ્ટ ઓફીસમાં જોયા હોય, તેવી હકીકત સ્પષ્ટ બનતી નથી. વધુમાંઆંક–૨૪ વાળા કિશાન વિકાસ પત્ર ઉપર સહી સાહેદ નાનુભાઈની રૂબરૂ માં કરવામાં આવી હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં સાહેદ નાનુભાઈએ અસલ કિશાન વિકાસ પત્ર અને ડુપ્લીકેટ કિશાન વિકાસ પત્રની સરખામણી કરી હોય, તેવુ પણ બનેલ નથી.

આમ, સાહેદ નાનુભાઈની ઉપરોકત જુબાનીથી આરોપી ચંદ્રિકાબેનની બનાવના દિવસે પોસ્ટ ઓફીસમાં હાજરી શંકારહિત રીતે સ્પષ્ટ બનતુ નથી. તેમજ સાહેદ નાનુભાઈએ ચંદ્રિકાબેનને આંક–૨૪ વાળા કિશાન વિકાસ પત્રમાં સહી કરતા જોયા હોય તેવુ બનેલ નથી અને સાહેદ નાનુભાઈને બનાવની જાણ મહેન્દ્રભાઈ મારફતે કરવામાં આવેલાનુ જણાવેલ છે. વધુમાં સાહેદ નાનુભાઈએ પોલીસે તેઓનુ કયારે પણ બનાવ બાબતે નિવેદન લીધેલ નથી, તેવુ સ્પષ્ટપણે જણાવેલ છે. આવા તમામ સંજોગોને જોતા, સાહેદ નાનુભાઈ ની જુબાની આરોપી વિરુધ્ધ ના આક્ષેપીત ગુનાને પુરવાર કરવા માટે મહત્વની સાબીત થતી હોય તેમ જણાય આવતુ નથી.

(૨૩) સદર સાહેદ મહેન્દ્રભાઈ નટવરભાઈ ચૌધરીને આંક–૫૩ થી સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, '' હુ સને ૨૦૦૮ ની

સાલમાં વ્યારા પોસ્ટ ઓફીસમાં પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે મારી પાસે કેવીપી, એનએસસી અને આરડીના કાઉન્ટરનુ ટેબલ હતુ. હું વાસુદેવભાઈ વી કોરાણે નાઓને ઓળખુ છુ.જેઓ પ્રથમ વ્યારા પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા હતા અને બાદમાં તેઓ પોસ્ટ એજન્ટ તરીકે કામ કરતા હતા. ગઈ તારીખ ૦૭/૧૦/૨૦૦૮ ના રોજ આ વાસુદેવભાઈ કોરાણે નાઓ અમારી પોસ્ટ ઓફીસમાં આવેલ અને પોતાનુ કામ પુરુ કરેલુ અને તેમાં તેમના એક ગ્રાહક હતા તેમનુ કિશાન વિકાસ પત્ર વટાવવા માટે આપેલુ હતુ. જે મારી પાસે આપેલુ હતુ. જે તેમની એપ્લીકેશન મે રેકર્ડ સાથે વેરીફાઇ કરેલ પછી તેનો નંબર ચેક કરી સહી વેરીફાઇ કરેલ. પછી મે તે વટાવવા માટેનો રીમાર્ક મારેલો, ડીસ્ચાર્જ મારેલો. પછી તે રકમ જે થાય તેમાંખ લખેલુ હતુ જે તે ચેક કરીને પછી મે બાજુના કાઉન્ટરમાં શ્રીમતી પન્નાબેન ચૌધરી કરીને હતા તેમના પર બચતખાતાનું કામકામ હતુ. મે પૈસા જમા કરાવા માટે પાસબુક અને જમા સ્લીપ પન્નાબેન ચૌધરીને આપેલા હતા. બાદમાં તેમણે પાસબુકમાં એન્ટ્રી પાડવાની હતી તે પાડી દીધી. પછી એકચ્યુલી થોડી વાર પછી મને શંકા જતા ફરીથી મે અરજી જોઇ તો તેમા અડધુ થોડુ લખેલુ હતુ તે દેખાયુ મને પછી ફરીથી લેઝર બાઇન્ડીંગ કરેલી હતી તેમાં દોરો કાપીને ફાઇલ ખુલ્લી કરેલી તેમાં સાચા સર્ટિફિકેટના અરજી પર જે રીમાર્ક, અરજી જે એપ્લીકેશન આવે તેમાં સીકયુરીટી પ્લેઝીંગ ટુ સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ વ્યારા તેવો રીમાર્ક મારેલો હતો.

જે કેવીપી વટાવવા માટે આપેલુ હતુ તે રૂા.૫૦,૦૦૦/- નુ હતુ અને તે ચંદ્રિકાબેન પ્રજાપતિના નામનુ હતુ. જે કેવીપી સર્ટિફિકેટ હતુ તેનો નંબર ૦૩જીજી૦૭૩૩૮૪ નંબરનુ હતુ.

આ અરજી પર જે રીમાર્કસ મારેલા હતા તેના આધારે સદરહુ સર્ટિ બેંકમા બોજામા મુકેલુ જણાઈ આવેલ. જેથી મેં મારા પોસ્ટ માસ્તર નાનુભાઈ પટેલ નાઓને જાણ કરેલ કે, આ સર્ટિ ડુપ્લીકેટ જણાઈ છે. જેથી સાહેબે પોતાની રીતે ચેક કરેલુ આ અરજીમા આ રીતે

રીમાર્ક મારેલો છે જેથી ખાતાકીય કાગળ પર લખીને સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંક વ્યારા ખાતે હુ પોતે અને મહેન્દ્રભાઇ ચૌધરી અને પરેશભાઈ એમ ચૌધરી નાઓને મોકલેલા. જેથી અમો બેંકમા ગયેલા અને સુરત ડીસ્ટ્રીક્ટ કો ઓપરેટીવ બેંકમા ગયેલા અને તેના મેનેજર શ્રીને મળેલા અને અમારો પત્ર જોઈને તેઓએ તેમના બેંકનુ રેકર્ડ ચેક કરેલુ અને ત્યા આગળ ઓરીજીનલ સર્ટિફિકેટ તેમની બેંકમા બોજામા મુકેલ હતુ અને જે બાબતની માહીતી લખીને કાગળ અમને આપેલો. જે વ્યારા પોસ્ટ માસ્તરના નામનો હતો. જેથી આવીને અમે અમારા સાહેબને તે કાગળ આપેલો. ત્યારબાદ અમારા પોસ્ટ માસ્તર શ્રીએ જરૂરી તપાસ કરી આગળની કાર્યવાહી માટે અમારા બારડોલી ડીવીઝન કચેરીમા જાણ કરેલી.

આ જે રકમ પાસબુકમા જમા થયેલી તે રકમ કેન્સલ કરવા માટે એજન્ટ શ્રી વાસુદેવ વી કોરાણેને જાણ કરેલી. આ બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો. મારી પાસે કેવીપી લઈને એજન્ટ વાસુદેવ વી કોરાણે આવેલા હતા. જેઓને હુ ઓળખુ છુ જે કોર્ટમા હાજર નથી. તેંમની સાથે તે વખતે કાઉન્ટર પર બીજુ કોઈ ન હતુ. આ કેવીપી ચંદ્રિકાબેન પ્રજાપતિના નામનુ હતુ. તે વખતે મે એજન્ટને પુછેલુ કે કસ્ટમર ક્યા છે તો તેમણે જવાબ આપેલો કે સામેની બેંચમા બેસેલા છે. ત્યા ઘણી પબ્લીક હતી તે વખતે હાથ ઉચો કરેલો જેથી મે જોઈ લીધેલ પણ તે ચોક્કસ કોણે હાથ ઉંચે કરેલો તે મને ધ્યાન નથી.

મને જે તે વખતે સર્ટિફિકેટ વટાવવા માટે આપેલુ હતુ જે મને બતાવવામા આવે તો હુ ઓળખી શકુ, મને આંક-૨૪ વાળો દસ્તાવેજ બતાવામાં આવે છે જે કિસાનવિકાસ પત્ર છે. આ મારી પાસે વાસુદેવ વી કોરાણે નાઓ દ્વારા રજુ કરવામા આવેલ અને તેના પર ચંદ્રિકાબેન પ્રજાપતિ અને પ્રવિણભાઈ પ્રજાપતિ લખેલ છે અને તેમા ચંદ્રિકાબેનની સહી છે. તેજ રીતે મને આંક-૨૩ બતાવવામા આવે છે જે પોસ્ટઓફીસ પાસબુક છે અને જેનો એકાઉન્ટ નંબર ૩૪૧૩૬૬૮ છે અને જે પ્રવિણભાઈ કાલુભાઈ પ્રજાપતિ અને ચંદ્રિકાબેન

પ્રજાપતિના નામો છે. જેમા તારીખ ૦૭/૦૧/૨૦૦૮ ના રોજ આ કેવીપીની રકમ ૬૦૩૯૮/– છે અને કેવીપી ની રકમ ૬૪૧૭૫/– લખેલ છે જે પન્નાબેનના અક્ષર છે અને જે એન્ટ્રી કેન્સલ કર્યા અંગે પોસ્ટ માસ્તરશ્રી નાનુભાઈ પટેલ નાઓનો સહી અને સિક્કો છે.)

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે. વિ.વ.સી.ડી.ખૈરેનાઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ કે, '' એ વાતનો મને ખ્યાલ નથી કે વાસુદેવભાઈ વ્યારાની આજ પોસ્ટ ઓફીસમા નોકરી કરેલ હતી. એ વાત ખરી છે કે મને એ વાતની ખબર છે કે તેઓ પોસ્ટ માસ્તર તરીકે નોકરી કરી ચુકેલા હતા. એ વાત ખરી છે કે, વાસુદેવભાઈનું ઘર પોસ્ટ ઓફીસથી ત્રણથી ચાર ઘર છોડીને આવેલુ છે. એ વાત ખરી છે કે, આ વાસુદેવભાઇ અવસાન પામેલા છે. એ વાત ખરી છે કે, આ કિસાન વિકાસ પત્ર વટાવવા માટેનુ જે પણ ફોર્મ ભરવામાં આવેલ હતુ તેમાં તમામ હસ્તાક્ષર વાસુદેવભાઇના હતા. એ વાત ખરી છે કે, તથે ફોર્મમાં ફકત સહી જ ચંદ્રિકાબેનની હતી તે સિ વાય તમામ વાસુદેવભાઇના હસ્તાક્ષરમાં હતુ. તે વાત ખરી છે કે, મને જેવુ વાસુદેવભાઇએ કિસાન વિકાસ પત્ર વટાવવા માટેનું ફોર્મ આપેલુ તેની વિગત અને સાથે રજુ કરેલ દસ્તાવેજ યોગ્ય લાગતા મે તરત પન્નાબેનને આપેલુ. એ વાત ખરી છે કે, કિસાન વિકાસ પત્ર લેવામાં આવે ત્યારે ભરવામાં આવતા ફોર્મ ઉપર તે કિસાનવિકાસ પત્ર સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં લોન પેટે મુકવામાં આવેલ છે તેવુ લખેલુ હતુ. એ વાત ખરી નથી કે મારી પાસે જે કિસાનવિકાસ પત્ર લઈને વટાવવા આવેલા તેના ઉપર સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં લોન પેટે મુકવામાં આવેલ છે તેવુ લખેલુ હતુ. એ વાત ખરી છે કે, મે એપ્લીકેશન ડોકયુમેન્ટ વેરીફાઇ કરી રાઉન્ડ કરીને પન્નાબેનને આપેલુ. એ વાત ખરી છે કે મે આ બનાવ બાબતે મે કોઈ ફરીયાદ કરેલી નથી. એ વાત ખરી છે કે, અમારા પોસ્ટ માસ્તર લેટર બનાવીને મને સુરત ડીસ્ટ્રીકટ કો ઓપરેટીવ બેંકમાં મોકલેલ અને ત્યાથી તે લોકોએ લેટર લખીને આપેલ તેટલી કાર્યવાહી થયેલી. એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ નાવના ત્રણ

મહિના બાદ લીધેલો. એ વાત ખરી છેકે, બનાવ ૭/૧૦/૨૦૦૮ ના રોજ બનેલો.

સવાલ :- તારીખ ૨૪/૦૧/૨૦૦૯ ના રોજ જવાબ હોય તો તે વાત ખોટી?

જવાબ:- ચોકકસ તારીખ યાદ નથી.

પોલીસ વાળાએ મારો જવાબ લીધેલો. અમારા ડીપાર્ટમેન્ટે પણ જવાબ લીધેલો. ડીપાર્ટમેન્ટે ૧૦/૧૦/૨૦૦૮ ના રોજ જવાબ લીધેલો. એ વાત ખરી છે કે તે જવાબમાં મે શરતચુકથી ડોકયુમેન્ટ રાઉન્ડ કરીને મોકલાવેલ તેવુ સ્વીકારેલુ. એ વાત ખરી છે કે, મે વાસુદેવભાઇ કોરાડે સામે ફરીયાદ કરેલ નથી. આ દિવસે વાસુદેવભાઇએ આ સિવાય બીજા કેટલા કામ મંજુર કરેલા તે ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, આ સિવાય બીજા કામો પણ હતા. એ વાત ખરી છેકે, આ સિવાયના બીજા કામો મે વેરીફાઇ કરી પેમેન્ટ માટે મોકલી આપેલા.

એ વાત ખરી છે કે અસલ કિસાન વિકાસ પત્ર અને મારી પાસે રજુ કરવાં આવેલ કિસાનવિકાસ પત્ર મે પહેલા એક સાથે રાખી વેરીફાઇ કરેલ ન હતુ.

સવાલ :- બે નામ વાળા કિસાનવિકાસ પત્ર હોય તો બન્ને જણની સહી હોય તો જ વટાવી શકાય?

જવાબ:- ના

મે કે મારા સાહેબે પ્રવિણચંદ્ર પ્રજાપતિને ફોન કરીને એવુ પુછેલ નથી કે આ કિસાનવિકાસ પત્ર વટાવવા આવેલા છે તો તેમાં તમને વાંધો છે કેમ. એ વાત ખરી છે કે, પોસ્ટ માસ્તર સાહેબને મે જે પણ ડીટેઇલ જણાવી ત્યારપછી તેમણે શું કાર્યવાહી કરી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, જે રકમ ખાતામાં જમા થયેલ તે રકમ કોઇ પણ આરોપીએ ઉપાડી લીધેલ હોય તેમ બનેલ નથી. એ વાત ખરી નથી કે પોસ્ટ ના એજન્ટ ડેઇલી રીકરીંગની એજન્સી આપવામાં આવે અને

કિસાનવિંકાસ પત્રની એજન્સી આપવામા આવતી નથી.

તે વખતે મે વાસુદેવભાઇ પાસેથી કિસાનવિકાસ પત્ર વટાવવા બાબતની એજન્સીનુ કાગળ માંગેલ નથી. એ વાત ખરી નથી કે, પોસ્ટ ખાતાનું એ–૧ નંબરનુ ગુલાબી કલરનુ ફોર્મ મારા હસ્તાક્ષરમાં ભરવામાં આવેલ. એ વાત ખરી છેકે, તે ફોર્મને રાઉન્ડ કરીને કલોઝ થયુ છે તેવો શેરો મે મારેલો. એ વાત ખરી છેકે આ બનાવ બાબતમાં ડીપાર્ટમેન્ટ ધ્વારા મારી સામે કોઈ એકશન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છેકે મને જે પાસબુક બતાવવામાં આવેલ છે તે પન્નાબેનના ટેબલની છે મારા ટેબલની નથી પણ પોસ્ટની હોય જેથી ઓળખી બતાવુ છુ. એ વાત ખરી છે કે, પાસબુકની એન્ટ્રી પન્નાબેનના હસ્તાક્ષરમાં છે. એ વાત ખરી છે કે, આ કિસાનવિકાસ પત્ર વટાવવા બાબતની બધી કાર્યવાહી વાસુદેવભાઇએ કરેલી. એ વાત ખરી છે કે, આ કિસાનવિકાસ પત્રની કોપી કોણે કઢાવેલી કેવી રીતે કઢાવીલ તેની મને માહિતી નથી. એ વાત ખરી છેકે, તે બાબતે મે વાસુદેવભાઇને પુછેલ નહી. એ વાત ખરી નથી કે આરોપીએ મારા રૂબરૂમાં કોઇ ડોકયુમેન્ટ રજુ કરેલ નથી તેમજ કિસાન વિકાસ પત્ર રજુ કરવામાં આવેલ નથી કે પૈસા ઉપાડવવામાં આવેલા નથી.

સાહેદ મહેન્દ્રભાઈની સમગ્ર જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સાહેદ મહેન્દ્રભાઇએ તેની સોગંદ ઉપરની સરતપાસમાં તા.૭/૮/૨૦૦૮ ના રોજ વાસુદેવભાઇ કોરાણેનાઓ પોસ્ટ ઓફીસમાં આવેલા તથા તેમની સાથે એક ગ્રાહક હતા તેવી હકીકત જણાવેલ છે. આ ગ્રાહક આ કામના આરોપી હતા તેવી કોઈ સ્પષ્ટતા સાહેદ મહેન્દ્રભાઇની સોગંદ ઉપરની જુબાનીમાં થતી નથી. વધુમાં કિશાન વિકાસ પત્ર વટાવવાની કામગીરી પણ વાસુદેવભાઇ કોરણેનાઓ ધ્વારા જ કરવામાં આવેલ હતી તેવી હકીકત સાહેદ મહેન્દ્રભાઈની સરતપાસ થી જ સ્પષ્ટ બને છે. આ ઉપરાંત ચંદ્રિકાબેનની તા.૭/૮/૨૦૦૮ ના રોજની પોસ્ટઓફીસ વ્યારા ખાતેની હાજરી બાબતે પુરાવો તપાસવામાં આવે તો, સાહેદ

મહેન્દ્રભાઈએ એજન્ટ વાસુદેવ કોરણે નાઓ કિશાન વિકાસ પત્ર લઇને ગયેલા ત્યારે કેવીપી ચંદ્રિકાબેન પ્રજાપતિના નામનુ હતુ તેથી સાહેદ મહેન્દ્રભાઈએ એજન્ટ વાસુદેવ કોરણેને કસ્ટમર કયા છે તેવુ પુછતા વાસુદેવ કોરાણેએ તેમને જવાબ આપેલો કે '' સામેની બેન્ચમાં બેસેલા છે.'' ત્યારબાદ સાહેદ મહેન્દ્રભાઈએ પોતાની જુબાનીમાં આ કસ્ટમરની ઓળખ બાબતે વધુ પુરાવો આપતા જણાવેલ છે કે, ''ત્યાં ઘણી પબ્લીક હતી તે વખતે હાથ ઉંચો કરેલો જેથી મે જોઈ લીધેલ પણ તે ચોકકસ કોણે હાથ ઉંચો કરેલો તે મને ધ્યાન નથી.'' આમ, સાહેદ મહેન્દ્રભાઈના ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તેઓએ આ કામના આરોપી ચંદ્રિકાબેનને વચારા પોસ્ટ ઓફીસમાં કિશાનવિકાસ પત્ર વટાવવા માટે જાતે જોયેલાનુ સ્પષ્ટ બનતુ નથી. આ ઉપરાંત આરોપી ચંદ્રિકાબેન સાહેદ મહેન્દ્રભાઈ રૂબરૂ આંક-૨૪ વાળા કિશાન વિકાસ પત્ર માં કોઈ સહી કે લખાણ કરેલ હોય તેવુ બનેલ નથી. આમ, આ કામે આંક-૨૪ વાળા કિશાસ વિકાસ પત્રનું હાલના આરોપીએજ પોતાની સહી કરી કુટલેખન કરી તેને વટાવવા માટેના પ્રયત્ન કરેલાનો આક્ષેપ સ્પષ્ટ પણે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માની શકાય તેમ નથી. તેમજ આરોપી ચંદ્રિકાબેન પોતે વ્યારા પોસ્ટ ઓફીસમાં કિશાન વિકાસ પત્ર વટાવવા માટે જાતે ગયેલ હતા તેવી હકીકત પણ સ્પષ્ટ બનતી નથી.

સાહેદ મહેન્દ્રભાઈની જુબાનીનુ વધુ મુલ્યાંકન કરવામાં આવે તો, કિશાન વિકાસ વટાવવા માટે નુ જે ફોર્મ ભરવામાં આવેલ હતુ તેના તમામ હસ્તાક્ષર વાસુદેવભાઈના હતા અને ફકત સહી ચંદ્રિકાબેનની હતી તેવી હકીકત તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે. પરતુ આ કામે કિશાન વિકાસ પત્રને વટાવવા માટેનુ કોઈ ફોર્મ રેકર્ડ ઉપર રજુ થતુ હોવાનુ સ્પષ્ટ બનતુ નથી. અને જે ફોર્મ રજુ થયેલ છે તેઆંક-૨૯ ને જોતા તે ફકત અને ફકત પોસ્ટ ઓફીસ સેવીગ્સ બેંક એકાઉન્ટમાં નાણાં જમા કરવા માટેનું ફોર્મ છે. અને તેમાં હાલના તકરારી કિશાસ વિકાસ પત્રનો રજીસ્ટ્રેશન નં. ૨૮૧૩૪ હોવાનુ નોંધવામાં આવેલ છે. આ આંક-૨૯ ના પુરાવાને જોતા, સાહેદ

મહેન્દ્રભાઈની જુબાની મુજબ તેમના તમામ હસ્તાક્ષર એજન્ટ વાસુદેવભાઈના છે જયારે સહી ચંદ્રિકાબેનની છે પરંતુ આગળ ઉપર ચચા" કર્યા મુજબ આંક–૨૯ નો પુરાવો અને તેમાની સહીને આરોપી ચંદ્રિકાબેનની સહી સાથે સરખાવવા માટે હસ્તાક્ષર નિષ્ણાંતનો કોઈ અભિપ્રાય મેળવવામાં અ ાવેલ નથી આ ઉપરાંત આંક–૨૯ ના ફોર્મમાં સાહેદ ચંદ્રિકાબેનને સહી કરતા જોયા હોય અને તેવી વ્યકિતએ સહી ચંદ્રિકાબેનની સહી ઓળખાવ્યુ હોય તેમ પણ બનેલ નથી. ત્યારે આંક–૨૯ ના પુરાવામાની સહી આરોપી ચંદ્રિકાબેનની હોવાનુ પુરવાર થતુ હોવાનું શંકારહિત રીતે માની શકાય તેમ નથી.

(૨૪) સાહેદ મહેન્દ્રભાઈએ પોતાની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન આરોપી ચંદ્રિકાબેનને કોર્ટ રૂમમાં હાજર હોય અને ઓળખી બતાવ્યા હોય તેવો પુરાવો પણ તેમની આંક– ૫૩ ની સમગ્ર જુબાનીમાં સ્પષ્ટ બનતી નથી. આવા સંજોગોમાં સાહેદ મહેન્દ્રભાઈએ પોસ્ટ ઓફીસમાં આરોપીને જોયેલ હતા અને ત્યારબાદ કોર્ટ રૂમમાં પણ તેજ આરોપીને ઓળખી બતાવતા હોવાનુ સ્પષ્ટ બનતુ નથી. ત્યારે આરોપીની ઓળખ સંપુર્ણપણે શંકાપ્રેરક બને છે.

(૨૫) સદર સાહેદ રજનીકાંત પુરૂષોતમભાઈ પટેલને આંક–૬૦ થી સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે,

''અમો ૨૦૦૯ ની સાલમા સુરત ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેંક વ્યારા બ્રાન્ચમા મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે અમારી બેંકમા એક કિશાન વિકાસ પત્ર જેનો નંબર ૦૩જીજી૦૭૩૩૮૪ નંબરનુ સર્ટિફિકેટ અમારી બેંકમા જમા હતુ જે સર્ટિફિકેટની માંગણી વ્યારા પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા માંગણી કરતા અમોએ સદરહુ સર્ટિફિકેટ વ્યારા પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીને આપેલ છે જે કિશાન વિકાસ પત્ર રૂપિયા પચાસ હજારનુ હતુ. જે કિશાન વિકાસ પત્ર અમોએ આપેલ તે બાબતની પત્ર બેંકના લેટરપેડ પર અમોએ આપેલ છે. જે પત્ર મને બતાવવામા આવે છે તે તેજ છે જે તારીખ ૧૬/૦૪/૨૦૦૯ ના રોજ આપવામા આવેલ

છે જે પત્રમા મારી સહી છે. જે રજુ દાખલ આંક–૬૧ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટિકલ નંબર –૦૧ બતાવવામા આવે છે જે શીલ બંધ કવરમા કોર્ટ રૂબરૂ શીલ ખોલતા કિશાન વિકાસ પત્ર ૦૩જીજી૦૭૩૩૮૪ નંબરનુ છે.આ કિશાન વિકાસ પત્ર અમારી બેંકમા લોન માટે આવે ત્યારે અમારી બેંક દ્ધારા આ કિસાન વિકાસ પત્ર એચ.પી તરીકેની નોંધ કરીને ફરી પોસ્ટ ઓફીસમા નોંધ માટે મોકલવામા આવે છે અને ત્યાથી નોંધ થયા બાદ ફરી અમારી બેંકમા આવે છે. જે કિશાન વિકાસ પત્ર પ્રવિણચંદ્ર પ્રજાપતિ તથા ચંદ્રિકા .પી. પ્રજાપતિના નામનુ છે જે રૂપિયા પચાસ રૂપિયાનુ છે. જે અસલ કિશાન વિકાસ પત્ર રજુ દાખલ આંક–૬૨ આપવામા આવે છે. આ કિશાન વિકાસ પત્ર અમારે ત્યા લોન આપવામા આવેલ ત્યારથી અમોએ વ્યારા પોલીસ સ્ટેશનમા આ કિશાન વિકાસ પત્ર રજુ કરેલ ત્યા સુધી અમારી બેંકમા જ જમા હતુ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાન લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે કિશાન વિકાસ પત્ર પોસ્ટ ઓફીસ દ્ધારા અમારી પાસે માંગવામા આ કહી. એ વાત ખરી છે કે પોલીસે આ કામે મારો કોઈ જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે આ ૬૧ ના સર્ટિફિકેટ આપવા બાબતેના પત્રમા બેંકનો જાવક નંબર જણાવેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સર્ટિફિકેટ રૂબરૂ લેવા આવતા રૂબરૂ આપેલ છે.

સવાલ– પોલીસે તમારી પાસેથી ઉપરોક્ત દસ્તાવેજ કબજે કર્યા તે લગતનુ પંચનામુ કરેલ છે કે કેમ?

આ તબક્કે આરોપીના વિવશ્રી જણાવે છે કે, પ્રોપર પ્રોસીઝર કરીને દસ્તાવેજ હેન્ડ ઓવર કરેલ ન વિ.એપીપી શ્રી જણાવે છે કે ત.ક.અમલદારે જે પેપર્સ માંગ્યા છે તે પેપર્સ આપેલ છે. સદર કામે ઉપરોક્ત પ્રશ્ન તથા રજુઆત સાંભળી. સદર કામે ઉપરોક્ત સાહેદની જુબાની જોતા સાહેદ પાસે પોલીસે જે પેપર્સ માંગ્યા તે પેપર્સ આપેલા છે. તેમજ સાહેદે પોતાની જુબાનીમા પંચનામુ સંબંધે કોઈ

ઉલ્લેખ કરેલ નથી. તેમજ સદર પ્રશ્ન કઈ રીતે પુરાવા અધિનિયમ પ્રમાણે પ્રસ્તુત જણાવી શકેલ નહી. આમ સદર પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામા આવતી નથી. એ વાત ખરી નથી કે ઉપરોક્ત આંક–૬૧, ૬૨ વાળા સર્ટિફિકેટ આપવા લગત અમારી હેડ ઓફ પરવાનગી લીધેલ નથી. એ વાત ખરી છે કે જે લગતની પરવાનગી આજદીન સુધી પોલીસને અ આપેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૬૧, ૬૨ નો દસ્તાવેજો પોલીસને આપવાના અમોન સત્તા નથી. એ વાત ખરી છે કે ઉપરોક્ત દસ્તાવેજો જે બેંકના દસ્તાવેજ છે તે સિવાય વિશેષ જાણતો નથી. એ વાત ખરી નથી કે ઉપરોક્ત દસ્તાવેજ ખોટી રીતે પોલીસને આપેલ છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

સાહેદ રજનીકાંત પરસોત્તમભાઇ પટેલની ઉપરોકત જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ વ્યારા ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક વ્યારાના મેનેજર તરીકે ફરજ બજાવતા હતા અને કિશાન વિકાસ પત્ર નં.૦૩જીજી૦૭૩૩૮૪ ને તેઓની બેંકમાં તારણ તરીકે મુકી તેના ઉપર લોન આપવામાં આવેલ હતી. આમ, પોલીસે આ કિશાન વિકાસ પત્ર બેંકમાંથી એકત્રીત કરી જમા લીધેલ હતુ.બચાવપક્ષ ધ્વારા કિશાન વિકાસ પત્ર અસલ પંચનામુ કરીને આપેલ નથી તેવી તકરાર લેવામાં આવેલ છે. પરંતુ પંચનામાની કાર્યવાહીએ માત્ર અને માત્ર પોલીસ કાર્યવાહીને વધુ વિશ્વસનીય બનાવવા માટેના ભાગ રૂપે હોય છે. આ કામે બેંકના મેનેજર જેવા જવાબદાર વ્યકિતએ પોલીસને અસલ કિશાન વિકાસ પત્ર તપાસ અર્થે છોપેલ હતુ અને પોલીસે તે કબજે લીધેલ હતુ. તેવી હકીકત સ્પષ્ટ બને છે ત્યારે પંચનામુ ન કરવા બાબત માત્રથી કોઇ ગેરકાયદેસરતાનુ તત્વ પુરવાર થઇ જતુ હોવાનુ માની શકાય નહી. વધુમાં આ કામે સાહેદ રજનીકાંતભાઇનો પુરાવો જોતા, તેઓએ બેંકમાંથી પોલીસને અસલ કિસાન વિકાસ પત્ર તપાસ અર્થે સોંપેલુ તે સિવાય કિશાન વિકાસ પત્રના ધારકે લોન લીધેલ હતી તેની નોંધ પોસ્ટ ઓફીસમાં કરવા માટે રજુ કરેલ હતી તેવો પુરાવો રજુ થયેલ છે. આ સિવાય આ કામે આંક–૨૪ વાળા કિસાન વિકાસ

પત્રની કલર ઝેરોક્ષ કોણે તૈયાર કરી, તેમાં સહી કોણે કરી અને તેને વટાવવા માટે ચોકકસ પ્રયત્ન કર્યો હતો તે બાબતે સાહેદ રજનીકાંતભાઇનો પુરાવો રજુ થતો ન હોય, આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે સાહેદ રજનીકાંતભાઇની જુબાની મહત્વની બની રહેતી નથી.

(૨૬) સદર કામે સાહેદ રાજુભાઇ ગાંડાભાઇ દેસાઇને આંક–૬૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, '' અમો તા.૨૩/૧/૨૦૦૯ ના રોજ વ્યારા પો.સ્ટે.માં પો.સ.ઇ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન પીએસઓ એએસઆઇ રૂસ્તમભાઇ ગોવાભાઇનાઓએ વ્યારા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી નં.૭/૨૦૦૯ ઇ.પી.કો. કલમ–૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૧૧, ૧૧૪ મુજબનો ગુનો રજી. કરી તપાસ અમારા તરફ ડેપ્યુટ કરતા સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ ત્યારબાદ આ ગુનાના કામે ફરીયાદ સાથે આવેલ ઝેરોક્ષ નકલો કામમાં સામેલ રાખી ત્યારબાદ આ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લઇ કામમાં સામેલ રાખેલા ત્યારબાદ આ ગુનાના કામે વપરાયેલ કે.વી.પી.જેનો નં.૦૩ જીજી૦૭૩૩૮૪નો હતો. જેની કલર ઝેરોક્ષની નકલ તથા પૈસા ઉપાડવાનું ગુલાબ કરલનુ ફોર્મ તથા પાસબુકની ડુપ્લીકેટ નકલો રજૂ થતા પંચનામાના વિગતે કબજે લીધેલ જે પંચનામા આ કામે આંક–૪૬ થી રજૂ છે જેમાં પંચોની તથા રૂબરૂપણામાં મારી સહી છે. પાસબુક અસલ આંક–૨૩ થી રજૂ છે તે જ છે. તથા ડુપ્લીકેટ /કલર કે.વી.પી.આ કામે આંક–૨૪ થી રજૂ છે તેજ છે. તથા પૈસા ઉપાડવાનું ફોર્મ આ કામે આંક–૨૬ થી રજુ છે. તથા એલ કે.વી.પી.સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.વ્યારા બ્રાંચમાં જમા હોય ત્યાથી મેળવીને કામમાં સામેલ રાખેલ જેથી અસલ કે.વી.પી. આ કામે આંક–૬૨ થી રજુ છે. આ ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામા કે.પી.પી.નો એફ.એસ.એલ પરીક્ષણ કરવા સારુ રવાનગી નોંધ તૈયાર કરી સત્તા અંગેનું પ્રમાણપત્ર મેળવી એફ.એસ.એલ.પરીક્ષણ કરવા સારુ રવાનગી નોંધ તૈયાર કરી સત્તા અંગેનું પ્રમાણપત્ર મેળવી

એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે પરીક્ષણ કરવા સારુ મોકલી આપેલી. જે રજૂ દાખલ આંક–૬૪.જે અંગેનો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ છે. જે અસલ રીપોર્ટ આજરોજ હુ રજુ કરુ છુ. જે રજુ દાખલ આંક–૬૫ આપવામાં આવેલ ત્યારબાદ આ ગુનાના કામે આરોપીને અટક કરવામાં આવેલ ત્યારબાદ આ ગુનાના કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ ત્યારબાદ આ ગુનાના કામે આરોપીને અટક કરવામાં આવેલ ત્યારબાદ આ ગુનાના કામે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. આરોપીઓ પૈકી આરોપી ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર પ્રજાપતિઆજરોજ નામદાર કોર્ટમાં હાજર છે જેમને હું ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાન લેતા, '' એ વાત ખરી છેકે, બનાવવાળી જગ્યાએથી પોલીસ સ્ટે. નું અંતર ૫ મીનીટ જેટલુ છે. એ વાત ખરી છેકે, બનાવ તા.૭/૧૦/૨૦૦૮ ની છે તેમજ આ કામે ફરીયાદ તા.૨૩/૧/૨૦૦૯ ના રોજ આપેલ છે. એ વાત ખરી છે કે, ફરિયાદીએ ડીલે આપવા સંબંધે ફરીયાદીએ ફરીયાદમાં કોઇ સ્પષ્ટતા કરેલ નથી. એ વાત ખરી છેકે, કેવીપીની ડુપ્લીકેટ કોપી કોને કાઢી આપી કયાથી કાઢી આપી તે લગત તપાસમાં ઉલ્લેખ નથી. એ વાત ખરી છેકે, પૈસા ઉપાડવાનું ફોર્મ તથા પોસ્ટ ઓફીસનું કોરસપોન્ડસના કાગળો આરોપી મરણ જનાર વાસુદેવ કોરાન્નેનાઓના હસ્તાક્ષર છે. એ વાત ખરી નથી કે પોસ્ટ ઓફીસમાં કાગળો રજૂ કરવાની, પૈસા ઉપાડવાની , આરોપી મરણ જનાર વાસુદેવ કોરાન્નેનાઓએ કરેલી છે. એ વાત ખરી છે કે, આ કામે આરોપી ચંદ્રિકાબેનની ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે પૈસા ઉપાડેલા હોય અને તે રીકવર આરોપી પાસે થયેલા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે આ કામે સાહેદોના નિવેદનો મે લીધા નથી. એ વાત ખરી નથી કે આરોપીઓએ આવો કોઇ ગુનો ન કરેલ હોવા છતા ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

તપાસ કરનાર અધિકારી રાજુભાઇની ઉપરોકત જુબાનીનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષનો સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત હતો તથા નાણાં ઉપાડી લેવા માટેના પ્રયત્ન સમયે આરોપીને નજરે જોનાર સાહેદોના પુરાવા ઉપર તથા દસ્તાવેજનુ કુટલેખન કરનારની સહી કોની છે ? જેવા પુરાવા ઉપર આધારીત હતો. ત્યારે તપાસ કરનાર અધિકારીએ આ કામે સૌપ્રથમ તો આંક–૨૪ વાળા કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર કયાં તૈયાર કરવામાં આવ્યુ, કોના ધ્વારા તૈયાર કરવામાં આવ્યુ, કોની કોની મદદથી તૈયાર કરવામાં આવ્યુ તેવી બાબતે કોઈ જ તપાસ હાથ ધરવામાં આવેલાનુ જણાય આવતુ નથી. આવા સંજોગોમાં આવી અધુરી અને અસ્પષ્ટ તપાસને આધારે કલર ઝેરોક્ષ સ્વરૂપનુ કિશાન વિકાસ પત્ર આંક–૨૪ આ કામના આરોપીએ જ તૈયાર કરેલ હતુ તેવુ સ્પષ્ટ પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડતો હોવાનુ જણાય આવે છે.

આ કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૨૪ ધ્વારા કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્રને તથા આંક– ૬૨ થી રજુ અસલ કિશાન વિકાસ પત્રને એફ.એસ.એલ. ગાંધીનગર તરફ પરીક્ષણ અર્થે મોકલાવેલ હતુ અને આંક– ૨૪ વાળુ કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર અસલ છે કે કેમ? અને તે જો અસલ ન હોય તો આંક–૬૨ વાળા અસલ કિશાન વિકાસ પત્રની જ ઝેરોક્ષ નકલ છે કે કેમ? તેમજ આ બન્ને વચ્ચેનો તફાવત બાબતેની પુછપરછ નિષ્ણાંત મારફતે કરવામાં આવેલ હતી અને તેનો રીપોર્ટ પણ આ કામે આંક–૬૫ થી રજુ થયેલ છે. તેના રીપોર્ટ મુજબ આંક–૨૪ વાળુ કિશાન વિકાસ પત્ર ઝેરોક્ષ નકલ સ્વરૂપનું હોવાનો અભિપ્રાય મેળવેલાનુ જણાય આવે છે. આમ, આ કામે તપાસ દરમ્યાન આંક–૨૪ થી કબજે લીધેલ કિશાન વિકાસ પત્ર અસલ ન હતુ તેવુ સ્પષ્ટ બને છે. પરંતુ આંક–૨૪ વાળુ કિશાન વિકાસ પત્રની ઝેરોક્ષ નકલ કોણે તૈયાર કરી કયાં તૈયાર કરી, કયા ઈરાદે તૈયાર કરવામાં આવી, તેવી બાબતોએ આ કામેકોઈ તપાસ કરાવમાં આવેલ હોય તેમ જણાય આવતુ નથી. આમ, આકામના આરોપી ચંદ્રિકાબેનનાઓએ જ આંક–૨૪ વાળી કલર ઝેરોક્ષ નકલ

તૈયાર કરેલ હતી તેવી હકીકત ફરીયાદપક્ષ સ્પષ્ટ પુરાવાથી પુરાવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોવાનુ જણાય આવે છે.

તપાસ કરનાર અધિકારીની જુબાનીનુ વધુ મુલ્યાંકન કરવામાં આવે તો,આ કામે તપાસ અધિકારીએ આંક-૨૪ વાળા ઝેરોક્ષ કિશાન વિકાસ પત્રની પાછળના પાનેની સહી તથા તે ઉપરના અક્ષરો ચોકકસ કોના છે તે હકીકત પુરવાર કરવા માટે હસ્તાંક્ષર નિષ્ણાંતનો કોઈ અભિપ્રાય મેળવવામાં આવેલ નથી. આ કામે આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આંક-૨૪ વાળા કલર ઝેરોક્ષ વાળા કિશાન વિકાસ પત્ર ઉપર આરોપી ચંદ્રિકાબેનને સહી કરતા કોઈપણ સાહેદોએ જોયા નથી. તેમજ આરોપીએ આવી સહી પોતાની હોવાનુ કબુલ રાખેલ નથી ત્યારે આવી સહી આરોપીની હોવું પુરવાર કરવુ ફરીયાદપક્ષ માટે પુરવાર કરવું જરૂરી છે. પરંતુ આ કામે આંક-૨૪ વાળા કિશાન વિકાસ પત્ર પત્ર પરની સહી ચંદ્રિકાબેનની હોવાનુ શંકારહિત રીતે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડતા હોય, આ કામે આરોપીએ કોઈપણ કિંમતી જામીનગીરી સ્વરૂપના દસ્તાવેજી આધારનુ કુટલેખન કરેલાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેતા હોવાનુ માની શકાય તેમ નથી.

(૨૭) આ કામે આરોપીએ વ્યારા પોસ્ટ ઓફીસ ખાતે આંક-૨૪ વાળુ બનાવટી કિશાન વિકાસ પત્ર વટાવવા માટે ગયેલ હતા તેવી હકીકત પુરવાર કરવા માટે આરોપી ચંદ્રિકાબેનની બનાવના દિવસની વ્યારા પોસ્ટ ઓફીસ ઉપરની હાજરી પુરવાર કરવા માટે સાહેદોના પુરાવાઓ મહત્વના બની રહે તેમ હતુ પરંતુ આ કામે સાહેદ પન્ના બેન પોતાના સોગંદ ઉપરના પુરાવામાં એક તબકકે ચંદ્રિકાબેન એજન્ટ વાસુદેવભાઈ સાથે ત્યાં આવેલા તેવો પુરાવો આપે છે જયારે બીજા તબકકે તેઓએ માત્ર સેવિગ્સ પાસ અને જમા સ્લીમ રજુ કરેલ છે. તેવો પુરાવો આપેલ છે. આમ, આરોપી ચંદ્રિકાબેને આંક-૨૪ વાળુ બનાવટી કિશાન વિકાસ પત્ર સાહેદ પન્ના બેનને આપ્યુ હોય તેમ બનેલ નથી. સાહેદ પન્નાબેનના પોતાના પુરાવા મુજબ સર્ટીફીકેટ

મહેન્દ્રભાઇને આપવામાં આવેલ હતુ. પરંતુ સાહેદ મહેન્દ્ર ભાઇનો પુરાવો જોતા તેઓને આંક–૨૪ વાળુ બનાવટી કિશાન વિકાસ પત્ર એજન્ટ વાસુદેવ ભાઇએ આપેલ હતુ અને ગ્રાહકની ખરાઇ કરતા વાસુદેવભાઇએ બાંકડા ઉપર બેઠેલ વ્યકિત હોવાનુ જણાવેલ છે અનેત્યાં ઘણા માણસો હતા તે પૈકી ચોકકસ કોણે હાથ ઉંચો કરેલો તે તેઓ જણાવી શકે તેમ નથી તેવો પુરાવો રજુ કરેલ છે. ત્યારે સાહેદ પન્નાબેનનો પુરાવો અને મહેન્દ્રભાઇનો પુરાવો આરોપીની ઓળખ બાબતે એકબીજાથી વિરોધાભાસી અને વિસંગતત હોવાનુ સ્પષ્ટ બને છે. આ કામે સાહેદ મહેન્દ્રભાઈ કે સાહેદ પન્નાબેન આરોપી ચંદ્રિકાબેનને અગાઉથી ઓળખતા હતા તેવી હકીકત સ્પષ્ટ બનતી નથી ત્યારે આરોપીની ઓળખ બાબતે તપાસ કરનાર અધિકારીએ ઓળખ પરેડનો પુરાવો એકત્રીત કરવો ફરજીયાત બનતુ હતુ પરંતુ આ કામે આવો ઓળખ પરેડનો પુરાવો એકત્રીત કરવામાં આવેલ ન હોય, આ કામે આરોપી ચંદ્રિકાબેનની હાજરી બનાવના દિવસે વ્યારા પોસ્ટ ઓફીસ ખાતે હતી તેવી હકીકત શંકારહિત રીતે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેતાહોવાનુ માની શકાય તેમ નથી.

(૨૮) તપાસ કરનાર અધિકારીએ આંક–૨૪ વાળુ બનાવટી કિશાન વિકાસ પત્ર, આંક–૨૫ વાળો સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક ધ્વારા વ્યારા પોસ્ટ માસ્ટરને લખવામાં આવેલ પત્ર તથા કિશાન વિકાસ પત્ર ખરીદવા માટે કરવામાં આવેલ અરજી આંક–૨૬ના પુરાવાઓ જે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલાનુ પંચનામુ આંક–૪૬ થી રજુ કરવામાં આવે છે તે પંચનામાની હકીકતને પંચોએ આ કામે સમર્થન પુરુ પાડેલ નથી. આવા સંજોગોમાં તપાસની કાર્યવાહી નિષ્પક્ષ અને પારદર્શક રીતે કરવામાં આવેલાનું ગ્રાહય રાખવુ સલામત ભર્યુ જણાય આવતુ નથી.

(૨૯) તપાસ કરનાર અધિકારીએ પોતાની આંક–૬૩ ની સોગંદ ઉપરની સરતપાસની પૈસા ઉપાડવાનું ગુલાબી કલરનુ ફોર્મ કબજે કર્યાની હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. પરંતુ આ કામે પુરાવામાં રજુ થયેલ ગુલાબી કલરનું ફોર્મ આંક–૨૬ જોતા, તે નવુ કિશાન વિકાસ પત્ર

ખરીદવા માટેનુ આવેદન પત્ર છે. આ કામે પૈસા ઉપાડવા માટેનો કોઇ પુરાવો રજુ થયેલાનુ પુરાવો જણાય આવેલ ન હોય, તપાસ કરનાર અધિકારીની જુબાનીને વિશેષ મહત્વના પુરાવા તરીકે શંકારહિત રીતે ધ્યાને લેવુ ન્યાયોચિત જણાય આવતુ નથી.

(૩૦) આ કામે આગળ ઉપર વર્ણવેલ નામ.સર્વોચ્ચ અદાલતના **Vandana Versus State Of Maharashtra (Supra)** મુજબ ફરીયાદ પક્ષ આરોપીએ આંક-૨૪ ઉપરની સહી કબુલ રાખેલ નથી ત્યારે ફરીયાદપક્ષે આ સહી જે વ્યકિતની રૂબરૂમાં કરવામાં આવેલ તેવી વ્યકિતને તપાસી આવી સહી પુરવાર કરી શકયા હોત અથવા તો આવી સહી બાબતે હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવીને પુરવાર કરી શકયા હોત પરંતુ આમ, કરવામાં ફરીયાદ નિષ્ફળ નીવડેલ છે. તેમજ આંક-૨૪ વાળુ કલર ઝેરોક્ષ કિશાન વિકાસ પત્ર કોણે બનાવ્યુ, કયારે બનાવ્યુ, કોની મદદથી બનાવ્યુ, કેવા ઈરાદે બનાવ્યુ, તેમજ આ કલર ઝેરોક્ષ કોના કબજામાં હતી તેવી મહત્વની બાબતોએ ફરીયાદપક્ષ કોઈપણ પુરાવો આ કામે રજુ કરી શકેલ ન હોય, ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંત મુજબ શંકા કેટલી પણ પ્રબળ હોય તે આરોપીઓને દોષિત ઠરાવવા માટે પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. તેમ છતાં આ કામે વિ. ટ્રાયલ અદાલતે આરોપીને ઇ.પી.કો.કલમ-૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના ગુના સબબ દોષિત ઠરાવતો જે હુકમ ફરમાવેલ છે તેવો હુકમ ખોટો, ભુલભરેલો અને પુરાવાના ખોટા અર્થઘટન ઉપર આધારીત હોય, આવો હુકમ રદ થવાને પાત્ર બને છે. વિ. ટ્રાયલ અદાલતનો હુકમ ટકવાપાત્ર જણાઈ આવતો ન હોય, તે અત્રેની અદાલતનાં કાયદેસરનાં હસ્તક્ષેપને આવકારતો હોય, આવા સંજોગોમાં વિ.ટ્રાયલ અદાલતનો હુકમ રદ કરવો જરૂરી બની રહેતુ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: **હુકમ** ::-

૧. એપેલન્ટની હાલની ફોજદારી અપીલ નં.૪૮/૨૦૨૪ આથી મંજુર કરવામા આવે છે.

૨. વિ.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, તાપી મુ.વ્યારાનાંઓએ ફોજદારી કેસ નં.૧૪૪૪/૨૦૦૯નાં કામે તા.૨૩/૧૨/૨૦૨૪નાં રોજ આપવામાં આવેલ ચુકાદો આથી રદ કરવામાં આવે છે અને આ કામનાં એપેલન્ટ /મુળઆરોપીને પુરાવામાં ઉપસ્થિત થતી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. એપેલન્ટ/આરોપીએ ક્રિ.પ્રો. કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા. ૧૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

૪. આ કામે કબજે લેવામાં આવેલ અસલ કિશાન વિકાસ પત્ર માર્ક-એ મુદ્દમાલ આર્ટીકલ નં.૧ ગુનાની તપાસ દરમ્યાન ધ સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ.બેંકની વ્યારા શાખામાં તા.૧૬/૪/૨૦૦૯ના રોજ કબજે લેવામાં આવેલ અને આ ગુનાની હકીકત ધ્યાને લેતા, આ અસલ કિશાન વિકાસ પત્ર ઉપર આરોપીએ તથા તેના પતિએ લોન મેળવેલ હતી અને આ અસલ કિશાન વિકાસ પત્ર બેંકમાં તારણ તરીકે મુકેલ હતુ તેથી આ અસલ કિશાન વિકાસ પત્ર બેંકને અપીલ પીરીયડ પુરો થયેથી પરત મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

બેંકે આ અસલ કિશાન વિકાસ પત્રનો ઉપયોગ પોતાની લોન સંબંધે કાયદા મુજબની પ્રક્રિયા અનુસરી કરી શકશે. અને જો આરોપીએ લોન પુરેપુરી ચુકવી આપેલ હોય, તો અસલ કિશાન વિકાસ પત્ર બેંક ધ્વારા આરોપીને પરત આપવાનુ રહેશે અને આરોપી અસલ કિશાન વિકાસ પત્રની પાકતી રકમ

મેળવવા હકકદાર રહેશે.

માર્ક –એ અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ બાબતે અદાલત ના રેકર્ડ માં જરૂરી પુરજો મુકવાનો રહેશે અને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ ને અત્રેની અદાલતમાંથી મેળવવા માટે સંબંધિત બેંકને અપીલ પીરીયડ પુરો થયેથી વિ. ટ્રાયલ અદાલતે નોટીસ કરવી.

૫. વિ.ટ્રાયલ અદાલતનું સમગ્ર અસલ રેકર્ડ હાલનાં ચુકાદાની નકલ સાથે તેઓને પરત મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૩૦મી જુલાઈ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તાપી મુ.વ્યારા.
તા.૩૦/૦૭/૨૦૨૬..

<u>કે.એલ.પટેલ.</u>

(**તેજસ આર. દેસાઈ**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૦૫૯૩,
તાપી મુ.વ્યારા.